dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-330 | AD-2026, Shravan Sud - 11 | Monday, Dt. 07-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વરસાદને કારણે બંધના પાણી છલકાઈ જતાં ૧૦૦થી વધુ ઘરો ધરાશાયી થયા

# પૂર્વીય ચીનમાં ભયાનક ભૂસ્ખલન અને પૂરની હોનારત : ૨ લોકોનાં મોત, ૧૦ ગુમ

બીજીંગ,તા.૦૬

ઉષ્ણકટિબંધીય ચક્રવાત ‘સાઉડેલ’ (Typhoon Saudel) ને કારણે સતત પડેલા મુસળધાર વરસાદથી પૂર્વીય ચીન અને પડોશી દેશ નેપાળમાં ભયાનક કુદરતી આપત્તિ સર્જાઈ છે.

ચીનના જિયાંગ્સી પ્રાંતમાં આવેલા સુઈચુઆન કાઉન્ટીના એક ગામમાં શનિવારે સવારે અચાનક ભૂસ્ખલન થતાં ૧૨ જેટલા ઘરો કાટમાળ હેઠળ દબાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૨ લોકોના મોત નિપજ્યા છે, જ્યારે ૧૦ લોકો હજુ પણ ગુમ હોવાના અહેવાલ મળી રહ્યા છે.

ઘટનાની જાણ થતાં જ ચીની બચાવ દળો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને કાટમાળમાંથી લોકોને બહાર કાઢવાની કામગીરી સાથે સ્થાનિક રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડવાની પ્રક્રિયા હાથ ધરી છે.

સત્તાવાર સમાચાર એજન્સી સિન્હુઆના જણાવ્યા અનુસાર, ચક્રવાત સાઉડેલે ઝેજિયાંગ અને ફુજિયાન પ્રાંતમાં ભારે વિનાશ વેર્યો છે. ફુજિયાન પ્રાંતના પુટિયન શહેરમાં ભારે વરસાદને કારણે બંધના પાણી છલકાઈ જતાં ૧૦૦થી વધુ ઘરો ધરાશાયી થયા હતા અને અનેક ગામો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સરકારે દરિયાકાંઠાના અને જોખમી વિસ્તારોમાંથી આશરે ૬ લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે.



બીજી તરફ, નેપાળમાં ૨૬ ઓગસ્ટના રોજ આવેલી વિનાશક પૂર અને ભૂસ્ખલનની હોનારતના ૧૧મા દિવસે પણ રાહત અને બચાવ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. ભોટેકોશી અને ત્રિશુલી નદીઓમાં આવેલા ભીષણ પૂર બાદ અત્યાર સુધીમાં ૧,૩૪૪ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જેમાં ૪૮૯ પુરુષો, ૨૬૯ મહિલાઓ, ૫૨ છોકરાઓ અને ૩૩ છોકરીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ૫૦૧ અજાણ્યા માનવ અંગો પણ મળી આવ્યા છે. નેપાળ પોલીસના તાજેતરના આંકડા મુજબ ૪,૮૯૮ લોકો હજુ પણ ગુમ છે, જેમાં ૪,૨૫૦ નેપાળી અને ૬૧૮ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. આ કપરી પરિસ્થિતિ વચ્ચે પણ બચાવ દળોને મોટી સફળતા મળી છે. પૂરના ૧૧મા દિવસે નુવાકોટ જિલ્લાના વેત્રાવતી સ્થિત એક ઘરના ચોથા માળેથી ૬૪ વર્ષીય મહિલા ચંડિકા શ્રેષ્ઠાને સશસ્ત્ર પોલીસ દળે સુરક્ષિત બહાર કાઢી સારવાર અર્થે કાઠમંડુ ખસેડી છે.

આ ઉપરાંત, પૂરગ્રસ્ત અપર ત્રિશુલી-૧ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટની ટનલમાંથી નેપાળી સેના અને દક્ષિણ કોરિયન આપત્તિ નિષ્ણાતોની ટીમે એક ચીની નાગરિકને જીવંત બચાવી લીધો હતો. હાલમાં બંને દેશોમાં બચાવ ટુકડીઓ દ્વારા કાટમાળ હટાવીને ગુમ થયેલા લોકોની શોધખોળ અને રાહત કામગીરી સતત ચાલુ રાખવામાં આવી છે.

# મધ્યપ્રદેશનાં સાગર જિલ્લામાં ઝેરી દારૂ કાંડમાં ૧૦થી વધુ લોકોના મોત

ભોપાલ,તા.૦૬

મધ્યપ્રદેશના સાગર જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી ૧૦થી વધુ લોકોના મોત નિપજતા ભારે ખળભળાટ મચી ગયો છે, જ્યારે ૨૫થી વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટનાને પગલે ગ્રામજનો અને કોંગ્રેસના કાર્યકરોએ વિરોધ દર્શાવી સાગર-છતરપુર હાઈવે જામ કરી દીધો હતો. વિપક્ષી નેતાઓએ આરોપ લગાવ્યો છે કે વાસ્તવિક મૃત્યુઆંક ૧૪ થી ૧૫ સુધીનો છે અને સ્થાનિક વહીવટીતંત્રની



મિલીભગત વિના આ ગેરકાયદેસર વેપાર શક્ય નથી.

કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ જીતુ પટવારી અને વિપક્ષી નેતા ઉમંગ સિંઘરે સરકાર પર તીખા પ્રહારો કરતા સવાલો ઉઠાવ્યા હતા કે દારૂ માફિયાઓને કોનું રક્ષણ મળી રહ્યું છે. તેમણે પીડિત પરિવારોને તાત્કાલિક નાણાકીય સહાય આપવાની તથા સમગ્ર મામલાની ઉચ્ચ સ્તરીય તપાસ યોજી જવાબદાર અધિકારીઓ અને ગુનેગારો સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

બીજી તરફ, મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે ઘટના અંગે ગંભીરતા દાખવતા જણાવ્યું હતું કે સંબંધિત મંત્રી અને ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક સ્થળ પર પહોંચવા આદેશ આપવામાં આવ્યા છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે આવી ઘટનાઓને સહેજ પણ ચલાવી લેવામાં આવશે નહીં અને તપાસ બાદ દોષિતો સામે શક્ય તેટલી કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

# એશિયાનું ભવિષ્ય ભારત-ચીન સંબંધો પર નિર્ભર: પૂર્વ સીડીએસ જનરલ અનિલ ચૌહાણ

નવી દિલ્હી,તા.૦૬

ભારતના પૂર્વ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું છે કે એશિયાનું ભવિષ્ય ભારત અને ચીન તેમના સમાંતર અને એક સાથે થઈ રહેલા ઉદયને કેવી રીતે મેનેજ કરે છે તેના પર નિર્ભર રહેશે. ભારત રત્ન પંડિત ગોવિંદ વલ્લભ પંતની ૧૩૯મી જન્મજયંતી પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં તેમણે ભારત-ચીન સંબંધોના વિવિધ પાસાંઓ અને સુરક્ષા ચિંતાઓ પર



વિગતવાર ચર્ચા કરી હતી.

જનરલ ચૌહાણે નોંધ્યું હતું કે ભારત અને ચીન બંને એશિયાની મુખ્ય શક્તિઓ, મોટી અર્થવ્યવસ્થાઓ અને પ્રાચીન સભ્યતાઓ ધરાવતા રાષ્ટ્રો છે. બંને દેશો વચ્ચે કેટલાક ક્ષેત્રોમાં સહયોગ છે, તો પ્રભાવ અને બજારો માટે સ્પર્ધા પણ ચાલી રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભારત-ચીન સંબંધો માત્ર સરહદી વિવાદ સુધી સીમિત ન હોઈ શકે અને ભારતે SCO તથા BRICS જેવા બહુપક્ષીય મંચો દ્વારા ચીન સાથે નિરંતર સંવાદ જાળવી રાખવો જરૂરી છે.

પાકિસ્તાન અંગે વાત કરતા પૂર્વ સીડીએસે સ્પષ્ટ કર્યું કે સરહદ પારથી થતો આતંકવાદ ભારત માટે સતત સુરક્ષા ચિંતા રહેશે. પરમાણુ શસ્ત્રોને કારણે સર્જાયેલી સ્થિતિને તેમણે ‘સ્થિરતા વિરોધાભાસ’ તરીકે ઓળખાવી હતી. વૈશ્વિક ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતાઓને મોટો પડકાર ગણાવતા તેમણે ભવિષ્યની સુરક્ષા માટે ભારતને આત્મનિર્ભરતા કેળવવા, સપ્લાય ચેઈનનું વૈવિધ્યકરણ કરવા અને બાહ્ય નિર્ભરતા ઘટાડવા પર ભાર મૂકવા સલાહ આપી હતી.

### ભારત-રશિયન રાઇફલ્સ વચ્ચે ૫ વર્ષના કરાર

# અદાણી ડિફેન્સ કરશે AK-૨૦૩ રાઈફલ માટે દારૂગોળાનું ઉત્પાદન

નવી દિલ્હી,તા.૦૬

અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે ભારતમાં નિર્મિત AK-૨૦૩ રાઈફલ માટે સ્વદેશી ૭.૬૨×૩૯ mm દારૂગોળો પૂરો પાડવા ઈન્ડો-રશિયન રાઈફલ્સ પ્રાઈવેટ લિમિટેડ (IRRPL) સાથે ૫ વર્ષના મહત્ત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ અદાણી ડિફેન્સ આગામી પાંચ વર્ષ સુધી AK-203 રાઈફલ્સ માટે જરૂરી દારૂગોળાનો પુરવઠો સુનિશ્ચિત




કરશે, જેથી દેશમાં જ સંરક્ષણ ક્ષેત્રે એક મજબૂત અને સંકલિત સપ્લાય ચેઈન તૈયાર થશે.

ભારતીય સશસ્ત્ર દળો માટે AK-203 રાઈફલ્સ બનાવવાના હેતુથી વર્ષ ૨૦૧૯માં ભારત અને રશિયા વચ્ચે આંતર-સરકારી કરાર થયો હતો. આ અંતર્ગત ઉત્તર પ્રદેશના અમેઠી સ્થિત કોરવા પ્લાન્ટમાં રાઈફલનું નિર્માણ થઈ રહ્યું છે. આ સંયુક્ત સાહસમાં ભારત તરફથી ‘એડવાન્સ્ડ વેપન્સ એન્ડ ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ’ તથા ‘મ્યુનિશન્સ ઈન્ડિયા લિમિટેડ’ અને રશિયા તરફથી ‘કલાશ્નિકોવ’ તથા ‘રોસોબોરોનેક્સપોર્ટ’ ભાગીદાર છે. ડિસેમ્બર ૨૦૨૧માં સરકારે ૬ લાખથી વધુ AK-203 રાઈફલ્સના ઉત્પાદન માટે કરાર કર્યો હતો.

અદાણી ડિફેન્સે કાનપુર સ્થિત પ્લાન્ટમાં નાના દારૂગોળાના ઉત્પાદનની ક્ષમતા કેળવી છે. તાજેતરમાં ૧૦૦% ભારતીય સ્પેરપાર્ટ્સ અને સામગ્રીથી બનેલી પ્રથમ AK-203 ‘શેર’ રાઈફલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

હવે અદાણી ડિફેન્સ દ્વારા દારૂગોળાનું સ્થાનિક ઉત્પાદન શરૂ થવાથી ભારત સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ વધુ એક દ્રઢ પગલું ભરશે.

# જેએનયુમાં ૧૦થી વધુ વિદ્યાર્થિનીઓએ પ્રોફેસર પર લગાવ્યા જાતીય સતામણીના આરોપ

નવી દિલ્હી,તા.૦૬


જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU)ના એક પ્રોફેસર પર ૧૦થી વધુ મહિલા વિદ્યાર્થીઓએ જાતીય સતામણીનો ગંભીર આરોપ લગાવ્યો છે.

વિદ્યાર્થીનીઓનો આરોપ છે કે પ્રોફેસર ઘરે મીટિંગમાં બોલાવીને તથા ક્લાસ દરમિયાન અશ્લીલ અને વાંધાજનક ટિપ્પણીઓ કરતા હતા. યુનિવર્સિટીની આંતરિક ફરિયાદ સમિતિ (ICC) હાલ આ મામલે તપાસ ચલાવી રહી છે. બીજી તરફ, આરોપી પ્રોફેસરે આ તમામ આરોપોને પાયાવિહોણા અને ખોટા ગણાવી ફગાવી દીધા છે.









# બગસરા તાલુકાના શાપરમાં ઓવર વોલ્ટેજ અને સોલાર પાવર કટ-ઓફની સમસ્યાથી ગ્રામજનો મુશ્કેલીમાં

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના શાપર ગામમાં વીજ પુરવઠામાં સર્જાતી ગંભીર ક્ષતિઓને લઈને ગ્રામ પંચાયત દ્વારા PGVCL વિસાવદર કચેરીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.રજૂઆત અનુસાર, ગામમાં બપોરના ૧૨:૦૦ થી ૪:૦૦ વાગ્યા દરમિયાન વીજ પુરવઠો ૩૦૦ થી ૩૨૦ વોલ્ટ સુધી વધી જાય છે, જેના કારણે રહેવાસીઓના ઘરગથ્થુ વીજ ઉપકરણો બળી જવાની અને ભારે આર્થિક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત, ટ્રાન્સફોર્મર સાથે જોડાયેલી સોલાર સિસ્ટમ ધરાવતા ગ્રાહકોનો સોલાર પાવર બપોરના સમયે આપોઆપ 'કટ ઓફ' થઈ જાય છે, જેથી તેમને પણ આર્થિક ફટકો પડી રહ્યો છે. શાપર ગ્રામ પંચાયતના સરપંચ અને ગ્રામજનોએ PGVCL તંત્ર પાસે માંગ કરી છે કે સંબંધિત ટ્રાન્સફોર્મરમાં તાત્કાલિક જરૂરી સુધારા કરી વોલ્ટેજ નિયંત્રિત કરવામાં આવે, જેથી વીજ વપરાશકર્તાઓ અને સોલાર ગ્રાહકોને નુકસાનમાંથી ઉગારી શકાય.

# મોટી કુંકાવાવમાં ખુલ્લેઆમ દેશી દારૂના વેચાણ સામે નેહાબેન ગોંડલિયાની SPને રજૂઆત

મોટી કુંકાવાવ,તા.૦૬

મોટી કુંકાવાવ ગામમાં ખુલ્લેઆમ ચાલતા દેશી દારૂના ગેરકાયદેસર વેચાણને અટકાવવા તાલુકા પંચાયતના વિપક્ષી નેતા અને આમ આદમી પાર્ટીના અગ્રણી નેહાબેન નીતિનભાઈ ગોંડલિયાએ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે અસામાજિક તત્વો દ્વારા બેરોકટોક થતા દારૂના વેચાણથી સ્થાનિક યુવાધન બરબાદ થઈ રહ્યું છે, પરિવારોમાં અશાંતિ ફેલાઈ રહી છે તથા કાયદો-વ્યવસ્થા અને મહિલાઓ તેમજ બાળકોની સુરક્ષા જોખમાઈ છે. કુંકાવાવ-વડિયા તાલુકામાં આ દૂષણને સંપૂર્ણપણે ડામવા



માટે પોલીસ તંત્ર દ્વારા ગામમાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર તાત્કાલિક દરોડા પાડી તપાસ હાથ ધરવામાં આવે અને તેમાં સંડોવાયેલા ઈસમો સામે કડક કાયદેસર પગલાં ભરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. ગામમાં શાંતિ જળવાઈ રહે તે માટે તંત્ર સકારાત્મક અને ત્વરિત કામગીરી કરે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી છે.

# રાજુલાની મામલતદાર કચેરીના હોમગાર્ડ જવાનનું હાર્ટ એટેકથી મોત

રાજુલા, તા.૦૬

રાજુલાની મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા એક હોમગાર્ડ જવાનનું હાર્ટ એટેક આવતાં મોત નીપજ્યું હતું.બનાવ અંગે કાર્તિકભાઈ કાંતિભાઈ સોલંકી (ઉ.વ. ૪૦) એ પોલીસને આપેલી વિગત મુજબ, અજયભાઈ કાંતિભાઈ સોલંકી (ઉ.વ. ૪૦) પોતાની હોમગાર્ડની ચાલુ ફરજ પર હતા ત્યારે અચાનક તેમને હાર્ટ એટેક આવ્યો હતો. આથી તેમને તાત્કાલિક સારવાર માટે રાજુલાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એમ. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# શ્રેષ્ઠ ધારાસભ્યનો એવોર્ડ મેળવવા બદલ જનક તળાવીયાનું કાંચરડીમાં ભવ્ય સન્માન

લાઠી, તા. ૦૬

લાઠી તાલુકાના કાંચરડી ગામે લાઠી–બાબરા–દામનગરના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાને શ્રેષ્ઠ ધારાસભ્યનો એવોર્ડ પ્રાપ્ત કરવા બદલ સમસ્ત ગ્રામજનો દ્વારા ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ હર્ષ અને આનંદ સાથે ધારાસભ્યનું ઉમળકાભેર



સ્વાગત કરી સન્માન કર્યું હતું. સમારોહમાં ગામના આગેવાનો, સરપંચ, વડીલો, કાર્યકર્તાઓ, માતાઓ-બહેનો, યુવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ જણાવ્યું હતું કે જનકભાઈ તળાવીયા મતવિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે અને રસ્તા, પાણી, શિક્ષણ તથા આરોગ્ય જેવી પાયાની સુવિધાઓ માટે રજૂઆતો કરી રહ્યા છે. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સૌનો આભાર વ્યક્ત કરી એવોર્ડને સમગ્ર વિધાનસભા પરિવારનું સન્માન ગણાવ્યું હતું.

# લાઠીના ભાલવાવ ગામે તળાવમાં ડૂબી જવાથી કિશોરીનું મોત

લાઠી, તા. ૦૬

લાઠી તાલુકાના ભાલવાવ ગામે તળાવમાં ડૂબી જવાથી એક કિશોરીનું મોત નીપજ્યું હતું.આ અંગે મૂળ છોટાઉદેપુરના કવાંટ તાલુકાના ઉછેલા ગામના રાણી ફળિયાના રહેવાસી અને હાલ મોટી વાવડી ગામે રહેતા મગનભાઈ મનિયાભાઈ નાયકા (ઉ.વ.૫૦)એ પોલીસને આપેલી માહિતી મુજબ, જાનકીબેન મનકરભાઈ નાયક (ઉ.વ.૧૬)નું ભાલવાવ ગામના ખારા વિસ્તારમાં આવેલા તળાવમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું.

આ બનાવ અંગે લાઠી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લીલીયાના અંટાળિયા પાસે ગાગડિયા નદીમાં નાહવા પડેલા હરીપરના યુવાનનું ડૂબી જવાથી મોત

લીલીયા, તા. ૦૬

સુરતમાં ડાયમંડ કંપનીમાં નોકરી કરતો અને સાતમ-આઠમની રજાઓમાં વતન આવેલો હરીપર ગામનો ૩૬ વર્ષીય યુવાન ધર્મેશ નરસિંહભાઈ મકાણી અકસ્માતે નદીમાં ડૂબી જતાં કરુણ મોત નીપજ્યું છે.મળતી માહિતી મુજબ, ધર્મેશ પોતાના મિત્ર સાથે લીલીયા ખાતે એક પ્રસંગ



માટે ભજીયાના મરચાં લેવા નીકળ્યો હતો. તે દરમિયાન અંટાળિયાથી સાજણણ ટીંબા ગામ વચ્ચે આવેલી ગાગડિયા નદીમાં તે નાહવા પડ્યો હતો. નદીના કાદવ-કાંપમાં પગ ખૂંપી જતાં તે ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને તેનું ડૂબી જવાથી સ્થળ પર જ નીપજ્યું હતું.મૃતક સુરતની શ્રી રામકૃષ્ણ ડાયમંડ કંપનીમાં કામ કરતો હતો. આ બનાવ અંગે લીલીયા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી છે.

# બાબરાના પિરખીજડિયાના વાડી વિસ્તારના કુવામાં પરપ્રાંતીય મજૂરનું પડી જતાં મોત

બાબરા, તા.૦૬

બાબરા તાલુકાના પિરખીજડિયા ગામ ખાતેના વાડી વિસ્તારમાં રવજીભાઈ દેસાઈની વાડીમાં મજૂરી કરતા પરપ્રાંતીય વ્યક્તિ કુવામાં પડી જવાની ઘટના બનાવની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમને કરવામાં આવી હતી. ઈનચાર્જ ફાયર ઓફિસર હિંમતભાઈ બાંભણિયાની આગેવાનીમાં અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમે તુરંત ઘટના સ્થળ પર પહોંચી રાત્રીના સમયે પોતાની સૂઝબુજ તથા પોતાના જીવના જોખમે ૩૦ મિનિટની મહેનત બાદ પરપ્રાંતીય ભીખાભાઈ સોલંકી (ઉમર: ૪૩ વર્ષ અંદાજે, રહેવાસી : મધ્યપ્રદેશગામ-વેધપુરી, બડવાની)ને બહાર કાઢેલ અને પોસ્ટમોર્ટમ અર્થે સ્થાનિક પોલીસને સોંપેલ.

# રાજુલામાં સ્વ. હિંમતભાઈ જિંજાળાની સ્મૃતિમાં ૪૨ બોટલ રક્તદાન કરાયું

રાજુલા,તા.૦૬

રાજુલામાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર સ્વ. હિંમતભાઈ ટી. જિંજાળાના નિધન બાદ તેમની સ્મૃતિમાં પરિવાર દ્વારા શ્રધ્ધાંજલિરૂપે રક્તદાન કેમ્પ યોજાયો હતો.



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલામાં આહીર જ્ઞાતિની વાડી, વાવેરા રોડ ખાતે યોજાયેલા રક્તદાન કેમ્પમાં પરિવારજનોની સાથે શહેર અને ગ્રામ્ય વિસ્તારના લોકો સહભાગી બન્યા હતા. આ કેમ્પમાં કુલ ૪૨ બોટલ રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું.

# લીલીયામાં કૃષ્ણ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ

લીલીયા, તા. ૦૬

લીલીયા શહેરમાં પરંપરાગત રીતે બાલકૃષ્ણ હવેલી અને રામજી મંદિર ખાતે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શ્રી રામ સેવા સમિતિ દ્વારા રામજી મંદિર ખાતેથી ભવ્યાતી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ. બપોરે ત્રણ કલાકે શોભાયાત્રાનું



પ્રસ્થાન કરાવવામાં આવેલ, જેમાં સ્થાનિક ધારાસભ્ય મહેશ કસવાલા જોડાયા હતા. તેમણે નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી ના નાદ સાથે મટકી ફોડી ટ્રેક્ટર ચલાવી પર્વની ઉજવણી કરી હતી . આ તકે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, ભનુભાઈ ડાભી, આનંદ ધાનાણી, કેપ્ટન ધામત, ભીખાભાઈ ધોરાજીયા, વિજય ગજેરા, પ્રજ્ઞેશ રામાણી, ગૌતમભાઈ વિછીયા, જીવનભાઈ વેકરીયા સહિત રાજકીય મહાનુભાવો અને ગ્રામજનો જોડાયા હતા.

# અમરેલીમાં અકસ્માત કેસમાં અરજદારને ૧૨.૨૧ લાખ ચૂકવવા વિમા કંપનીને હુકમ

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં અકસ્માતના કેસમાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન દ્વારા વીમા કંપનીને અરજદાર રણજીતભાઈને રૂ. ૧૨.૨૧ લાખ ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે. મળતી વિગતો મુજબ, રણજીતભાઈ પોતાની ટાટા કંપનીની ટ્રકમાં માલ ભરવા અમરેલીથી ચલાલા જઈ રહ્યા



હતા. દરમિયાન શેત્રુંજી નદીના પુલ પર સામેથી આવતા વાહનને બચાવવાના પ્રયાસમાં ટ્રક પરથી કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટ્રકને ટોટલ લોસ થયો હતો અને ડ્રાઈવરને ગંભીર ઈજાઓ થતાં સારવાર લેવી પડી હતી. ઘટનાની જાણ વીમા કંપનીને કરવામાં આવતા સર્વેયરની નિમણૂક કરાઈ હતી. અરજદારે જરૂરી તમામ દસ્તાવેજો રજૂ કરી ક્લેઈમની કાર્યવાહી પૂર્ણ કરી હતી. અગાઉ રૂ. ૮ લાખ તથા ૯ ટકા વ્યાજ ચૂકવવાનો હુકમ થયો હતો. આ હુકમ સામે વીમા કંપનીએ રાજ્ય ફોરમમાં અપીલ કરી હતી. ત્યારબાદ પુરાવાઓની તપાસ બાદ જિલ્લા કમિશને અરજદારની તરફેણમાં રૂ. ૧૨.૨૧ લાખ ચૂકવવાનો હુકમ કર્યો છે. અરજદાર તરફે વકીલ જે.આર. વાળા, જ્યોતીન્દ્ર ગોરખીયા અને જે.પી. ત્રિવેદીએ કામગીરી કરી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# અમરેલી જિલ્લામાં પંચાયત અને રેવન્યુ વહીવટના વિભાજનથી ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા

**તલાટીઓની અછત વચ્ચે કામગીરી ઠપ**

અમરેલી, તા. ૦૬

અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયત વહીવટને સરળ બનાવવાના નામે મહેસૂલ અને રેવન્યુ વિભાગ અલગ કરી બે તલાટી મંત્રીઓની નિમણૂક કરવાનો નિર્ણય ખેડૂતો માટે મુસીબતરૂપ સાબિત થઈ રહ્યો છે. અગાઉ એક જ મંત્રી દ્વારા વહીવટ સંભાળવામાં આવતો હતો, જ્યારે હવે રેવન્યુ તલાટી મંત્રીને ૮ થી ૧૦ ગામોનો પ્રભારી પ્રભાર સોંપાતાં ખેડૂતોની પરેશાનીમાં બેવડો વધારો થયો છે. એક તલાટી પાસે વધુ ગામોનો બોજ હોવાથી ખેડૂતોને સમયસર સરકારી સેવાઓ અને ન્યાય મળતો નથી. તેમાં પણ વર્તમાન સમયે રેવન્યુ મંત્રીઓની ચાલી રહેલી હડતાળના કારણે તલાટીઓ પાસેથી ચાર્જ પરત ખેંચાઈ રહ્યો છે. જેના પરિણામે ખેડૂતોના જમીન-મહેસૂલ અને પંચાયતને લગતા અત્યંત અગત્યના કામો અટવાઈ પડ્યા છે. વહીવટી ક્ષતિઓ અને મંત્રીઓની ભારે અછતને કારણે ગ્રામીણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ખેડૂતોમાં રોષ વ્યાપ્યો છે અને તેમણે માંગ કરી છે કે સરકાર તાત્કાલિક ધોરણે તલાટી મંત્રીઓની નવી ભરતી કરી સંખ્યા વધારે તેમજ આ વહીવટી અડચણોનો ત્વરિત ઉકેલ લાવી રાહત પૂરી પાડે.

# દામનગરમાં મંદિરો અને આંગણવાડી નજીક ખુલ્લી ગટર તથા ગંદા પાણીના વહેણથી આરોગ્ય સામે મોટો ખતરો

દામનગર, તા. ૦૬



દામનગર શહેરમાં આવેલા ગાયત્રી મંદિર, વૈજનાથ મંદિર તેમજ તેમની પાછળ આવેલ આંગણવાડી (નંદઘર)ની બાજુમાંથી પસાર થતી ગટર ખુલ્લી હોવાથી અને નજીકના નાળા નીચે પાઈપ તૂટી જવાના કારણે છેલ્લા કેટલાક મહિનાઓથી ગંદુ પાણી વહી રહ્યું છે. આ પરિસ્થિતિને લીધે ત્યાં આવતા નાના ભૂલકાઓ, દર્શનાર્થીઓ, રાહદારીઓ તેમજ આસપાસ વસવાટ કરતા પરિવારોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે, જેને કારણે સ્થાનિક નાગરિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.ધારાસભ્ય, સાંસદ કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને વિકાસ કાર્યોની ગ્રાન્ટ મળતી હોવા છતાં નાગરિકોની સુખાકારી માટે તેનું યોગ્ય આયોજન ન થતું હોવાની ચર્ચા ઊઠી છે. સ્થાનિક સત્તાવાળાઓ આ સમસ્યાથી માહિતગાર હોવા છતાં તેનો કોઈ ઉકેલ લાવી શક્યા નથી. અન્ય વિસ્તારોમાં ખુલ્લી ગટરો ઢાંકી દેવામાં આવી છે, તેવી જ રીતે આ વિસ્તારની ગટરને પણ સત્તાધીશો દ્વારા વહેલી તકે ઢાંકી દેવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.

# અમરેલીના દેવભૂમિ દેવળિયા ગામે મહિલાને ઢીકાપાટુનો માર

અમરેલી, તા. ૦૬

અમરેલીના દેવભૂમિ દેવળિયા ગામે એક મહિલાને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો.

આ અંગે ગીતાબેન જીતેન્દ્રભાઈ દાફડા (ઉ.વ.૪૦)એ નરેશભાઈ નથુભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસ ફરિયાદ મુજબ, ફરિયાદીને પોતાના રહેણાંક મકાનની ઓસરીમાં દળણું કરવું હતું. આરોપી ત્યાં સૂતા હોવાથી તેમને ઊભા થવાનું કહેતાં સારું લાગ્યું નહોતું. આથી આરોપીએ ગુસ્સે થઈ ફરિયાદી તથા સાક્ષીઓને શરીરે ઢીકાપાટુનો માર મારી ગાળો આપી હતી, તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ બનાવ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોંડલિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદના ભાડ ગામે દીકરીએ પ્રેમસંબંધ રાખવાની ના પાડતાં માતા પર હિચકારો હુમલો

**૩ સામે નોંધાઈ પોલીસ ફરિયાદ**

જાફરાબાદ, તા. ૦૬

જાફરાબાદ તાલુકાના ભાડા ગામે દીકરીએ પ્રેમસંબંધ રાખવાની ના પાડતાં માતા પર હિચકારો હુમલો કરવામાં આવ્યો હતો.આ બનાવ સંદર્ભે ભાણીબેન સામતભાઈ મકવાણા (ઉ.વ. ૫૫)એ ચિત્રાસર ગામના રામભાઈ બુધાભાઈ સોલંકી, મનસુખભાઈ બાંભણિયા અને બુધાભાઈ છનાભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસ ફરિયાદ મુજબ, ફરિયાદીની દીકરીને રામભાઈ બુધાભાઈ સોલંકી (રહે. ચિત્રાસર) સાથે અગાઉ પ્રેમસંબંધ હતો. જોકે બાદમાં દીકરીએ પ્રેમસંબંધ રાખવાની ના પાડી દીધી હતી. આમ છતાં, ફરિયાદી તથા તેમની દીકરી જન્માષ્ટમીના તહેવારમાં ગયાં હતાં ત્યારે આરોપી રામભાઈએ દીકરીનો વારંવાર પીછો કર્યો હતો અને તેને બોલાવતો હતો. આથી દીકરીએ આ પ્રેમસંબંધ હવે નહીં રાખવાનું સ્પષ્ટ જણાવી દીધું હતું.ત્યારબાદ તેઓ પોતાના ઘરે પરત ફર્યા હતા. જ્યાં પ્રેમસંબંધ ન રાખવાની બાબતે ઉશ્કેરાઈને ત્રણેય આરોપીઓએ તેમને ગાળો આપી ઝઘડો કર્યો હતો. તેમજ મોઢાના ભાગે, ઉપરના હોઠ પર તથા શરીરે મૂંઢ ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ બનાવ અંગે નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એન. પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જાફરાબાદના ચિત્રાસર ગામે સામુ જોવાની ના પાડતાં યુવક પર હુમલો

જાફરાબાદ, તા. ૦૬

જાફરાબાદ તાલુકાના ચિત્રાસર ગામે સામુ જોવાની ના પાડતાં એક યુવકને ગાળો આપી હુમલો કરવામાં આવ્યો હતો.આ બનાવ અંગે પરેશભાઈ ભાણાભાઈ વાઘેલા (ઉ.વ.૩૦)એ કરણભાઈ જીણાભાઈ બાંભણિયા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસ ફરિયાદ મુજબ, પરેશભાઈ ચિત્રાસર ગામના બસ સ્ટેશન પાસે ઊભા હતા ત્યારે આરોપી તેમની સામે સતત જોઈ રહ્યો હતો. આથી તેમણે સામે જોવાની ના પાડતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. ત્યારબાદ આરોપીએ હાથમાં પહેરેલું કડું પરેશભાઈના કપાળના ભાગે મારી દઈ એક ટાંકો આવે તેટલી ઈજા પહોંચાડી હતી.આ બનાવ અંગે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એમ. વાઘેલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જાફરાબાદમાં પરિણીતા પર સાસરિયાઓનો અત્યાચાર

જાફરાબાદ, તા. ૦૬

જાફરાબાદમાં પરિણીતા પર સાસરિયાઓએ શારીરિક અને માનસિક અત્યાચાર ગુજાર્યાનો બનાવ સામે આવ્યો છે.હાલ મુંબઈ ખાતે રહેતાં સયીદાબેન અશફાકભાઈ શેખ (ઉ.વ. ૩૦)એ જાફરાબાદમાં રહેતા પતિ અશફાકભાઈ મહંમદઅલી શેખ, રફીકભાઈ મહંમદભાઈ શેખ, સોનલબેન રફીકભાઈ શેખ, મુસ્તફા મહંમદઅલી શેખ, ઝુબીબેન મહંમદઅલી શેખ તથા સાહિલભાઈ અલ્તાફભાઈ કુરેશી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, પીડિત મહિલાના પતિએ તેમની સાથે મારપીટ કરી હતી, જ્યારે સાસરિયાના અન્ય સભ્યોએ તેમને ગાળો આપીને શારીરિક તથા માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો.આ બનાવ અંગે જાફરાબાદ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. બી. સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજુલાના કોવાયામાં સગીરાને બીભત્સ વીડિયો-ફોટા બતાવી પડોશીએ અડપલાં કર્યા

રાજુલા, તા.૦૬

રાજુલાના કોવાયામાં સગીરાને બીભત્સ વીડિયો-ફોટા બતાવી પડોશીએ છાતીના ભાગે હાથ નાખી અડપલાં કર્યા હતા.

આ અંગે સગીરાના પિતાએ અલ્ટ્રાટેક ટાઉનશિપમાં રહેતા અજીતસિંહ ઉમેશસિંહ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી છેલ્લા બે મહિનાથી તેમની સગીર દીકરીને મોબાઈલ ફોનમાં બીભત્સ વીડિયો તથા ફોટા બતાવતો હતો. થોડા દિવસ પહેલાં સાંજના સમયે તેમની પુત્રી આરોપીના ઘરે બુક લેવા ગઈ ત્યારે છાતીના ભાગે હાથ નાખીને શારીરિક અડપલાં કર્યા હતા. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી. કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# દોલતી ગામે માનસિક બીમારીથી કંટાળી યુવકે ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા. ૦૬

સાવરકુંડલાના દોલતી ગામે માનસિક બીમારીથી કંટાળી એક યુવકે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.આ અંગે જશુભાઈ નાથાભાઈ ખાચર (ઉ.વ. ૨૮)એ પોલીસને આપેલી માહિતી મુજબ, મૃતક ભાભલુભાઈ નાથાભાઈ ખાચર (ઉ.વ. ૩૩)ને સાતેક વર્ષ પહેલાં માનસિક બીમારી હતી. બાદમાં યોગ્ય સારવાર કરાવવા છતાં તેઓ સતત વિચારોમાં ખોવાયેલા રહેતા હતા.

આ માનસિક સ્થિતિથી કંટાળી જઈ તેમણે પોતાની વાડીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.આ બનાવ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન. એસ. મુસાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.




## અવસાન નોંધ

**ધારી**

ધારી નિવાસી મનસુરભાઈ તૈયબઅલીભાઈ ત્રવાડી (ઉ.વ.૭૪)તે રસીદાબેન કુરબાનભાઈ ચિતલવાળા, સલમાબેન સુલતાનભાઈ ખંડવાવાળા, સાહેદાબેન તૈયબઅલીભાઇ ત્રવાડી તથા મુનિરાબેન મુર્તઝાભાઈ જામનગરવાળાના ભાઈ તેમજ મરહુમ મુફદ્દલભાઈ ત્રવાડી તથા બુરહાનુદ્દીનભાઈ ત્રવાડી (બાંગ્લાદેશ)ના પિતા અનેખોજેમાંભાઈ મુફદ્દલભાઈ,રાજ મુફદ્દલભાઈ, મારિયા બુરહાનભાઈ અને અમતુલ્લાહ બુરહાનભાઈના દાદાનું તા.૫ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદગતની ઝ્યારતના શિપારા તા. ૭/૦૯/૨૬ને સોમવારના રોજ ધારી દાઉદી વ્હોરા મસ્જિદમાં સવારે ૧૧:૩૦ કલાકે રાખેલ છે.

**સાવરકુંડલા**

રાજેશ્રીબેન રાજેશભાઈ જોગી (ઉં.વ.૫૦)તે કનૈયાલાલ નાનજીભાઇ બોસમીયાની પુત્રી, મનસુખલાલ નાનજીભાઇ બોસમીયા, નરેશભાઇ નાનજીભાઇ બોસમીયા, શૈલેષભાઇ નાનજીભાઇ બોસમીયા, કિશોરભાઇ નાનજીભાઇ બોસમીયાની ભત્રીજી, હિતેશભાઈ કનૈયાલાલ બોસમીયા, નિલેશભાઈ કનૈયાલાલ બોસમીયા, ગિરીશભાઈ કનૈયાલાલ બોસમીયાના બહેન શ્રીનું તા. ૩૦/૮/૨૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૭/૯/૨૬ને સોમવારના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાકે બ્રહ્મ ક્ષત્રિય જ્ઞાતિપંચની વાડી પાછળનો રસ્તો સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

રામજીભાઈ વલ્લભભાઈ સાપરા (ઉં.વ.૬૯)તે મગનભાઈ વલ્લભભાઈ સાપરાના ભાઈ અલ્પેશભાઈ રામજીભાઈ સાપરા, વિક્રમભાઈ રામજીભાઇ સાપરાના પિતા શ્રીનું તા.૪/૯/૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૭/૯/૨૬ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે વજલપરા, રામજીમંદિર સામે દેવળાગેટ, સાવરકુંડલા અમારા નિવાસ સ્થાન ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

શાંતાબેન બચુભાઈ કાનાણી (ઉં.વ.૯૧) તે જ્યંતિભાઈ બચુભાઈ કાનાણી, બાબુભાઈ બચુભાઈ કાનાણીના માતાશ્રીનું અવસાન તા.૩/૯/૨૬ને ગુરુવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે . સદગત નું બેસણું તા. ૭/૯/૨૬ને સોમવારના રોજ દિવસે ૮:૦૦ થી ૪:૦૦ કલાકે ભોજલરામ પટેલ વાડી ,વજલપરા, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

# ધારીની ખોડિયાર માર્કેટ પાસેથી બાઈક ચોરાયું

ધારી, તા.૦૬

ધારીમાં ખોડિયાર માર્કેટ પાસેથી બાઈકની ચોરી થયાનો બનાવ સામે આવ્યો છે.આ અંગે પ્રતાપભાઈ ભાયાભાઈ વાળા (ઉ.વ. ૩૫)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે પોતાનું લાલ તથા વાદળી પટ્ટાવાળું હીરો કંપનીનું સ્પ્લેન્ડર મોટરસાયકલ (કિંમત રૂ. ૨૦,૦૦૦) નાના ભાઈની ઓફિસ પાસે પાર્ક કર્યું હતું. જ્યાંથી કોઈ અજાણ્યો ઈસમ આ બાઈકની ચોરી કરી નાસી છૂટ્યો હતો.









# અમરેલીમાં જન્માષ્ટમી તહેવારમાં ૧૦ સ્થળે જુગારના દરોડા ૬૪ શખ્સો ઝબ્બે, ૮ નાસી છૂટ્યા

**જિલ્લા પોલીસે બે દિવસની કામગીરી દરમિયાન રૂ. ૩.૧૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાં પવિત્ર જન્માષ્ટમી તથા સાતમના તહેવારો દરમિયાન પોલીસે જુગારધામો પર મોટી કાર્યવાહી હાથ ધરી છે. જુદા જુદા ૧૦ સ્થળો પર પાડવામાં આવેલા દરોડા દરમિયાન કુલ ૬૪ ઈસમોને ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે, જ્યારે દરોડા દરમિયાન ૮ ઈસમો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પોલીસે તમામ સ્થળોએથી કુલ મળીને રૂ. ૩.૧૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.જન્માષ્ટમીના દિવસે પોલીસે ૫ સ્થળોએ દરોડા પાડી ૩૦થી વધુ લોકોને પકડ્યા હતા. વંડાના મોટા ભમોદ્રા ગામે નાળ જવાના રસ્તે દેવીપૂજકવાસ પાછળ ખેતર પાસેના વાડામાં લાઈટના અજવાળે જુગાર રમતા ૮ ઈસમો રૂ. ૧૦,૨૦૦ની રોકડ સાથે ઝડપાયા હતા. ડેડાણ ગામે સાંકડી શેરીમાં અબ્દુલભાઈ ઈસાભાઈ અગવાના ઘર પાસેથી ૯ ઈસમો તીનપત્તીનો જુગાર રમતા રૂ. ૧૨,૫૯૦ સાથે પકડાયા હતા, જ્યારે ૧ ઈસમ ફરાર થયો હતો. ખાંભાના પાટી ગામની 'રૂપાવી સીમ' તરીકે ઓળખાતી કનુભાઈ વાલજીભાઈ સુહાગીયાના ખેતર બાજુમાંથી ૫ ઈસમો રૂ. ૧૧,૦૧૦ સાથે પકડાયા હતા અને ૪ ઈસમો નાસી છૂટ્યા હતા. સાવરકુંડલામાં જૂના બસ સ્ટેશન પાસેથી ૪ ઈસમો રૂ. ૧,૧૪,૧૮૦ના મુદ્દામાલ સાથે તથા મફતપરા વિસ્તારમાંથી ૫ ઈસમો રૂ. ૧૪,૭૩૦ની રોકડ સાથે મળી આવ્યા હતા. આમ પ્રથમ દિવસે રૂ. ૧.૬૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.સાતમના દિવસે પણ પોલીસે ૫ સ્થળોએ કાર્યવાહી કરીને ૩૪ જુગારીઓને ઝબ્બે કર્યા હતા, જ્યારે ૩ ઈસમો ફરાર થયા હતા. રાજુલાના વિક્ટર ગામે નેસડા વિસ્તારની રામાપીર મંદિર વાળી શેરીમાંથી ૫ ઈસમો રૂ. ૧૧,૦૭૦ સાથે પકડાયા હતા. ખાંભામાંથી ૭ ઈસમો રૂ. ૧૧,૭૧૦ની રોકડ સાથે ઝબ્બે થયા હતા. જાફરાબાદના લુણસાપુર ગામની સીમમાં ધોળીવાવ વિસ્તારના ખુલ્લા મેદાનમાં મોબાઈલની ટોર્ચના અજવાળે જુગાર રમતા ૧૦ ઈસમો રૂ. ૨૨,૧૬૦ની રોકડ અને ૭ મોબાઈલ મળી કુલ રૂ. ૯૪,૧૬૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. આ ઉપરાંત ધારીમાંથી ૬ ઈસમો રૂ. ૨૧,૪૦૦ સાથે અને સાવરકુંડલાના આકાશી પરામાંથી ૬ ઈસમો રૂ. ૧૦,૮૧૦ સાથે ઝડપાયા હતા, જ્યાંથી ૩ ઈસમો નાસી ગયા હતા. સાતમના દિવસે પોલીસે કુલ રૂ. ૧,૪૯,૧૫૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાબરાના અમરવાલપુર ગામની સીમમાં કૂવામાં પડી જતાં પરપ્રાંતીયનું મોત

બાબરા, તા. ૦૬

બાબરા તાલુકાના અમરવાલપુર ગામની સીમમાં કૂવામાં પડી જતાં એક પરપ્રાંતીય શ્રમિકનું મોત નીપજ્યું હતું.આ અંગે મૂળ મધ્યપ્રદેશના અને હાલ બાબરાના પીર ખીજડિયા ગામે વાડીએ રહેતા લાલચંદ ભાયલા ડોડવે (ઉ.વ. ૨૭)એ પોલીસને આપેલી માહિતી મુજબ, મૃતક ભીકા ચીરાંગિયા સોલંકી (ઉ.વ.૪૩) અમરવાલપુર ગામે રહેતા તેમના સાઢુભાઈની વાડીએ બેસવા ગયા હતા. આ દરમિયાન તેઓ લઘુશંકા અર્થે વાડીએ આવેલી ઓરડી પાછળ ગયા હતા, જ્યાં અંધારામાં કે ભૂલથી ઓરડી પાસે આવેલા પાણી ભરેલા કૂવામાં પડી જતાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું.આ બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વી. એન. જાની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# કોઠાપીપરીયાના પાટીયા પાસે ટ્રેક્ટર ચાલકે ટક્કર મારતાં મોટરસાયકલ ચાલકનું મોત

**મૃતક ધારી ખાતે બહેનના ઘરે આવતા હતા ત્યારે અકસ્માત સર્જાયો**

ધારી, તા. ૦૬

અમરેલી જિલ્લામાં અકસ્માતોનો સિલસિલો યથાવત્ રહ્યો છે. કોઠાપીપરીયાના પાટીયા પાસે ટ્રેક્ટર ચાલકે ટક્કર મારતાં ટુ-વ્હીલર ચાલકનું મોત નિપજ્યું હતું. મૃતક ધારી ખાતે પોતાની બહેનના ઘરે આવતા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી.આ અંગે વિસાવદરના પીયાવા (ગીર) ગામે રહેતા શશિકાન્તભાઈ વિઠ્ઠલભાઈ દેગામા (ઉ.વ.૩૫) એ અજાણ્યા ટ્રેક્ટર ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ મુજબ, મૃતક પોતાનું મોટરસાયકલ લઈને ઘરેથી ધારી ખાતે પોતાની બહેનના ઘરે આવતા હતા. આ સમયે ધારી-વિસાવદર રોડ પર કોઠાપીપરીયા ગામના પાટીયા પાસે પહોંચતાં સામેથી આવતા એક અજાણ્યા ટ્રેક્ટર ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટરસાયકલ સાથે અથડાવ્યું હતું.આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા શરીરના અન્ય ભાગોએ નાની-મોટી ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ચાલક પોતાનું ટ્રેક્ટર લઈને નાસી છૂટ્યો હતો. આ અંગે ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. વી. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીમાં સંધિ સોસાયટીના પાછળના ભાગે ઠેબી નદીમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

અમરેલી, તા. ૦૬

અમરેલી શહેરમાં સંધિ સોસાયટીના પાછળના ભાગેથી પસાર થતી ઠેબી નદીના પટમાંથી એક અજાણ્યા પુરુષનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. નદીના પાણીમાં તરતો મૃતદેહ નજરે પડતાં સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.નદીમાં અજાણ્યા પુરુષની લાશ તરતી હોવાની વાત વાયુવેગે પ્રસરતાં સ્થાનિકોના ટોળેટોળાં કિનારે એકઠા થઈ ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતા જોતાં રહીશોએ તાત્કાલિક સ્થાનિક પોલીસ મથકને આ અંગે ટેલિફોનિક જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ અમરેલી પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. તરવૈયાઓ અને સ્થાનિક લોકોની મદદ વડે ભારે જહેમત બાદ મૃતદેહને નદીમાંથી બહાર કાઢ્યો હતો.મૃતક પાસેથી કોઈ ઓળખપત્ર કે દસ્તાવેજ ન મળતાં તાત્કાલિક તેમની ઓળખ થઈ શકી નથી. પોલીસે મૃતદેહનું પંચનામું કરી કાયદેસરની પ્રાથમિક કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ મોતનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ (PM) અર્થે ખસેડવામાં આવ્યો હતો. મૃતકનું મોત ડૂબી જવાથી થયું છે, અકસ્માતે પગ લપસી જવાથી ઘટના બની છે કે પછી કોઈ અન્ય ગુનાહિત ઈરાદો છે, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.આ બનાવ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. એન. માલકિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બાબરા તાલુકાના તાઈવદર ગામે પતિ-પત્નીને ગાળો આપી

**પતિને લાકડી વડે મૂંઢ માર પણ માર્યો**

બાબરા, તા.૦૬

બાબરાના તાઈવદર ગામે રહેતા સાહીલભાઈ વજીરખા ભોજવાણી (ઉ.વ.૨૨) એ તેમના જ ગામના રવુભાઈ નનકુભાઈ શાક, ભગીરથભાઈ બદરૂભાઈ, નનકુભાઈ રાણીંગભાઈ શાક તથા સુરેશભાઈ નનકુભાઈ શાક સામે ફરિયાદ કરી હતી. જે મુજબ તેઓ તથા તેમના મમ્મી મોટરસાઈકલ લઈને વાડી-ખેતરે જતા હતા અને રોડ ઉપર મોટરસાઈકલ બંધ પડી હતી. આ સમયે રવુભાઈ ફોરવ્હીલ ગાડી લઈને નીકળતાં મોટરસાઈકલ સાઈડમાં લેવા બાબતે તેમને બીભત્સ શબ્દોમાં ગાળો આપી, ઢીકાપાટુ તથા લાકડી વડે માર મારી મૂંઢ ઈજા પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ઉપરાંત આરોપીઓએ તેમના ઘરે આવી તેમની પત્નીને બીભત્સ શબ્દોમાં ગાળો આપી માર મારવા દોડી ઘરે પતરામાં લાકડી મારી ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. આર. દાંતી વધુ તપાસ કરી રહ્યા છે.

# સરંભડા ગામે CCTV કેમેરો ઉતારી લેવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી

અમરેલી, તા. ૦૬

અમરેલીના સરંભડા ગામે સીસીટીવી કેમેરો ઉતારી લેવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે અનિલભાઈ જયંતીભાઈ દુધાત (ઉ.વ.૪૫)એ જયરાજભાઈ રસીકભાઈ દાફડા તથા કિરીટભાઈ વાલજીભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, આરોપીઓ રેતીની ચોરી કરતા હતા. તેથી ગ્રામજનોએ લોકભાગીદારીથી ગામની સુરક્ષા માટે બધી જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવ્યા હતા. જેમાંથી એક કેમેરો કાંતિભાઈ દુધાતના ઘરની દીવાલ પર લગાવવામાં આવ્યો હતો, જે શેત્રુંજી નદીના પટ તરફ જવાના રસ્તે આવેલો હતો. આ કેમેરો આરોપીઓને રેતી ચોરી કરવામાં નડતરરૂપ બનતો હતો.આથી આરોપીઓએ અનિલભાઈને કેમેરો ઉતારી લેવાનું કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત આરોપીઓએ બંને કેમેરા તોડીને નુકસાન પહોંચાડ્યું હતું.

# બાબરા તાલુકાના પાનસડા ગામના પાદરમાં જમાઈએ સાસરીમાં આવીને પત્નીને ફટકારી

**જસદણના જસાપર ગામે પરિણીતા પર સાસરિયાનો અત્યાચાર**

બાબરા, તા.૦૬

બાબરાના પાનસડા ગામની પરિણીતા પર જસદણના જસાપર ગામે અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. જેનાથી તંગ આવીને તે પિયર આવી ગઈ હતી, જ્યાં પતિએ ગામના પાદરમાં તેને ફટકારી હતી. આ અંગે રૂષિતાબેન જયંતીભાઈ પરમારએ પતિ જયંતીભાઈ કાનજીભાઈ પરમાર, જયાબેન કાનજીભાઈ પરમાર તથા કાનજીભાઈ રામજીભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના છેલ્લા સાડા છ વર્ષના લગ્નગાળા દરમિયાન પતિ તેમના ચારિત્ર્ય ઉપર ખોટી શંકાઓ કરતો હતો. સાસુ કામકાજ બાબતે અવારનવાર મેણાટોણા મારી દુઃખ-ત્રાસ આપતા હતા અને સસરા પણ ગાળો આપતા હતા. ત્રણેય આરોપીઓ તેમને શારીરિક-માનસિક દુઃખ-ત્રાસ આપતા હોવાથી તેઓ પોતાના પિયરમાં રહેતા હતા. આ દરમિયાન પતિ તથા સાસુએ પિયરમાં આવીને પાનસડા ગામે પાદરમાં તેમને શરીરે આડેધડ ઢીકાપાટુ વડે માર માર્યો હતો તેમજ ઘરે આવીને પણ ઢીકાપાટુ માર્યા હતા. આ સમયે તેમનાં માતા વચ્ચે પડતાં તેમને પણ ઢીકાપાટુ વડે માર માર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. સી. સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૦૭-૦૯-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૧,
સૂર્યાસ્ત-૦૬:૩૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

તા.૦૭-૦૯-૨૦૨૬ સોમવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઇને શારીરિક સમસ્યા નડી શકે છે. સાંજથી મોડી રાત સુધી તમે પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિક:આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર: આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# ખાંભાના ડેડાણ ગામે શું કામ તમે પોલીસની ગાડી બોલાવો છો કહી ઝપાઝપી કરી

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

ખાંભા, તા.૦૬

ખાંભા તાલુકાના ડેડાણ ગામે શેરીમાં દારૂડીયાઓના ત્રાસ અંગે ૧૧૨ નંબર પર પોલીસ બોલાવવા બાબતે બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. આ બનાવ અંગે બંને પક્ષોએ ખાંભા પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદો નોંધાવી છે.પ્રથમ પક્ષના પ્રકાશભાઈ રાઠોડના જણાવ્યા મુજબ, તેમના માતાએ શેરીમાં દારૂડીયાઓની હેરાનગતિ અંગે પોલીસને ફોન કર્યો હતો. જેથી ગુસ્સે ભરાયેલા હરીભાઈ જોગદીયા અને તેમના પરિવારે "પોલીસ કેમ બોલાવી" કહી ગાળો આપી ઝપાઝપી કરી હતી. આરોપીઓએ બચકાં ભરી તથા લાકડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.સામા પક્ષે કૈલાસબેન જોગદીયાએ ફરિયાદ નોંધાવી છે કે પ્રકાશભાઈ દારૂ પીને શેરીમાં ગાળો બોલતા હતા. ગાળો બોલવાની ના પાડતા પ્રકાશભાઈ તથા તેમના પરિવારે મારપીટ કરી, વાળ પકડી નીચે પછાડી દીધા હતા અને ધમકી આપી હતી.આ ઘટના અંગે ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.જે.રાઠોડે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# ધારી જીવન મુક્તેશ્વર મહાદેવ મંદીર પાસે શેત્રુંજી નદીના કાંઠે આવેલી વાડીમાંથી ૫૦૦ ફૂટ કેબલની ચોરી

ધારી, તા.૦૬

ધારીમાં જીવન મુક્તેશ્વર મહાદેવ મંદીર પાસે શેત્રુંજી નદીના કાંઠે આવેલી વાડીમાંથી ૫૦૦ ફૂટ કેબલની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે ધારીના નબાપરામાં રહેતા હાર્દીકભાઈ મનુભાઈ પટોળીયા (ઉ.વ.૪૧)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ખેતરમાં લગાવેલ દારનો કેબલ વાયર આશરે ૧૨૦ ફુટ, મગનભાઈ વલ્લભભાઈ પટોળીયાના ખેતરે લગાવેલ દારનો કેબલ વાયર આશરે ૮૦ ફુટ, દિલીપભાઈ મધુભાઈ રુડાણીના ખેતરે લગાવેલ દારનો કેબલ વાયર ૨૨૦ ફુટ, નિલેશભાઈ બાલુભાઈ રુડાણીના ખેતરે તપાસ કરતા ત્યાં પણ તેમના દારે પણ નાખેલ ૮૦ ફુટ કેબલ વાયર મળી કુલ આશરે ૫૦૦ ફુટ જેટલો કેબલ વાયરની ચોરી થઈ હતી. જેની કુલ કિં.રૂ.૪૨,૯૬૦ જાહેર થઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં યુવકના વાળ પકડી નીચે પછાડી ઢસડીને ધમકી આપી

**બંને પક્ષોએ સામાસામી ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલામાં યુવકના વાળ પકડી નીચે પછાડી ઢસડીને ધમકી આપી હતી. આ મામલે બંને પક્ષોએ સામાસામી ફરિયાદ નોંધાવી હતી.આ અંગે સલીમશા રહેમાનશા રફાઈ (ઉ.વ.૨૯) એ ઈબ્રાહીમભાઈ, જેબુનબેન અને જેતુનબેન સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી ઈબ્રાહીમભાઈ અવારનવાર તેમને તથા તેમની પત્નીને શેરીમાં નહીં ચાલવાનું કહેતા હોવાથી તેમને ઠપકો આપ્યો હતો. જેનું મનદુઃખ રાખી આરોપીઓએ ઢીકાપાટુનો માર માર્યો હતો અને ગાળો આપી હતી. ઉપરાંત વાળ પકડી નીચે પછાડી, ઢસડીને જાનથી મારવાની ધમકી આપી હતી.સામે પક્ષે ઈબ્રાહીમભાઈ યુનુસભાઈ ચૌહાણ (ઉ.વ.૩૫) એ સલીમશા રહેમાનશા રફાઈ, મરીયમબેન સલીમશા રફાઈ અને જેનુબેન રહેમાનશા રફાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ ઘરની બહાર બેઠા હતા ત્યારે આરોપી લોખંડનો પાઈપ લઈને આવ્યો હતો અને માથાના ભાગે માર્યો હતો, તેમજ ગાળો આપીને જાનથી મારવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં માથાકૂટ કરવાની ના પાડતાં ઝપાઝપી કરી છરીના ઘા ઝીંક્યા

**જાનથી મારવાની ધમકી પણ આપી**

અમરેલી, તા.૦૬

અમરેલીમાં એક પુરુષે માથાકૂટ કરવાની ના પાડતાં ઝપાઝપી કરીને છરીના ઘા ઝીંક્યા હતા તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે દિનેશભાઈ જયંતીભાઈ પરમાર (ઉ.વ.૫૦)એ દીપકભાઈ હસમુખભાઈ શાહ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરની બહાર સરદાર ચોકમાં આવેલી પાનની દુકાને ગયા ત્યારે આરોપી ભિક્ષુક સાથે માથાકૂટ કરતો હતો. જેથી તેમણે આરોપીને તેની સાથે માથાકૂટ કરવાની ના પાડતાં બોલાચાલી કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપીને ઝપાઝપી કરી હતી. આરોપીએ પડખામાંથી છરી કાઢી બે ઘા માર્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી. કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં આર્થિક સંકડામણથી કંટાળી ઝેરી દવા પીનારા વેપારીનું સારવારમાં મોત

અમરેલી, તા.૦૭

અમરેલીમાં આર્થિક સંકડામણથી કંટાળી ઝેરી દવા પીનારા વેપારીનું સારવારમાં મોત થયું હતું. આ અંગે જીજ્ઞેશભાઈ છગનભાઈ ઠુમ્મર (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, રવિન્દ્રભાઈ છગનભાઈ ઠુમ્મર (ઉ.વ.૪૪)એ ધંધામાં આર્થિક સંકડામણ તથા પૈસાની તકલીફના કારણે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી લીધા હતા. જેના કારણે સારવાર અર્થે ખસેડાયા હતા. આ દરમિયાન મોત થયું હતું.

## તંત્રી લેખ

# 'વૈશ્વિક પડકારો વચ્ચે ભારતની ભૂમિકા'

આજે દુનિયા ઝડપથી બદલાઈ રહી છે. ઘણા દેશો મંદી અને મુશ્કેલીમાં ફસાયા છે. એવા સમયે ભારત એક મજબૂત આર્થિક તાકાત રુપે ઊભું થયું છે. તાજેતરના ત્રણ મહિનામાં આપણા દેશનો વિકાસ દર ૭.૮ ટકા રહ્યો છે. આ આંકડો દુનિયાભરની અસ્થિરતા વચ્ચે ભારતની તાકાત બતાવે છે. આ સિધ્ધિ માત્ર આંકડો નથી. તે દેશની ક્ષમતાનું અને દુનિયામાં વધતી જતી ઓળખનું પ્રતીક છે. આ માત્ર આંકડાની વૃધ્ધિ નથી. તેની અસર લોકોના જીવન પર પડી રહી છે. નવી નોકરીઓ ઊભી થઈ રહી છે. ગામડાંનો વિકાસ ઝડપી બન્યો છે. મૂળભૂત સુવિધાઓ વધુ લોકો સુધી પહોંચી રહી છે. નવા ધંધા શરૂ કરવાની લહેર ચાલી રહી છે. તે યુવાનોને પોતાનો ધંધો શરૂ કરવા પ્રેરે છે. ડિજિટલ ઈન્ડિયાનું સપનું સાચું પડી રહ્યું છે. દૂરના ગામડાં પણ હવે દુનિયાના બજાર સાથે જોડાઈ રહ્યા છે. દુનિયાના સ્તરે ભારતની સ્થિતિ મજબૂત બની છે. ભારત હવે દુનિયાના અર્થતંત્રને ચલાવનારા મુખ્ય દેશોમાં ગણાય છે. આંતરરાષ્ટ્રીય મંચ પર તેનો અવાજ વધુ સ્પષ્ટ સંભળાઈ રહ્યો છે. આ આર્થિક મજબૂતીથી આપણી વિદેશનીતિને પણ બળ મળ્યું છે. વૃધ્ધિની સાથે પર્યાવરણનું રક્ષણ પણ એટલું જ જરૂરી છે. સૂર્યઊર્જા અને પવનઊર્જા જેવા નવા સ્ત્રોતો અપનાવવા એ ભવિષ્યની સમૃધ્ધિનો પાયો છે. હરિયાળી ટેકનોલોજીમાં રોકાણથી વિકાસ લાંબો ટકશે. સ્વચ્છ હવા અને સ્વચ્છ પાણી દરેક નાગરિકનો હક છે. શહેરો વધે છે ત્યારે વૃક્ષોનું રક્ષણ કરવું એ આપણી સૌની ફરજ છે. ઓનલાઈન છેતરપિંડી જેવા નવા જોખમો સામે પણ સતત સાવધ રહેવું પડશે. ટેકનોલોજીનો ઉપયોગ સલામતી સાથે થાય તો ડિજિટલ ભારતનું સપનું વધુ મજબૂત બનશે. પહેલી ખામી એ છે કે કામ ધીમું થાય છે. નીતિઓ સારી બને છે, પણ ગામડાં સુધી પહોંચવામાં વાર લાગે છે. તેનો ઉપાય છે ડિજિટલ નજર અને જવાબદારી નક્કી કરવી. દરેક યોજનાનો સમયસર અહેવાલ જાહેર થાય તો કામ ઝડપી બનશે.બીજી ખામી એ છે કે હજુ ઘણી કચેરીઓમાં કાગળો અટવાય છે. તેનો ઉપાય છે સંપૂર્ણ ઓનલાઈન કામકાજ. એક જ વેબસાઈટ પર બધી સેવા મળે તો લાંચ ઘટશે અને વિશ્વાસ વધશે.ત્રીજી ખામી એ છે કે ડિગ્રી છે, પણ કામ આવડતું નથી. તેનો ઉપાય છે ધંધા સાથે જોડાયેલી તાલીમ. તાલીમ ફરજિયાત બને તો યુવાનો તૈયાર થશે. ચોથી ખામી એ છે કે ગામડાંમાં દવાખાનાની સગવડ ઓછી છે. તેનો ઉપાય છે ફોન પર ડોક્ટરની સલાહ અને ફરતા દવાખાના. ટેકનોલોજીથી અંતર ઘટશે. ખામી સ્વીકારવી એ નબળાઈ નથી. તે મજબૂત લોકશાહીની નિશાની છે. સુધારવાની ઈચ્છા જ પ્રગતિનું પહેલું પગલું છે. ભારત સાચી દિશામાં આગળ વધી રહ્યું છે. ૭.૮ ટકાનો વિકાસ દર લાખો લોકોની મહેનત અને દૂરંદેશી નીતિઓનું પરિણામ છે. આ સિધ્ધિ દુનિયાને ભારતની તાકાત બતાવે છે. આ સફળતાને નવી શરૂઆત માનીએ. વધુ સૌને સાથે લઈને ચાલે એવા, લાંબો ટકે એવા અને સમૃધ્ધ ભારત માટે કામ કરીએ. દરેક ક્ષેત્રમાં સારું કામ અને નવા વિચારો અપનાવીએ. દુનિયાના મંચ પર ભારતનું નામ વધુ ઊંચું લઈ જઈએ. સરકાર, ઉદ્યોગો અને નાગરિકો સાથે મળીને કામ કરે તો જ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ છે. આ ઉત્સાહ અને ભરોસા સાથે આગળ વધીએ. આપણો દેશ મહાનતાના શિખરે પહોંચવા તૈયાર છે.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના છઠ્ઠા સરસંઘચાલક શ્રી મોહનજી ભાગવત – (પુષ્પ : ૩૩)



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના છઠ્ઠા સરસંઘચાલક શ્રી મોહનજી ભાગવતનો પરિવાર શરૂઆતથી જ સંઘકાર્યમાં સામેલ હતો. તેમના દાદા શ્રી નાનાસાહેબ ભાગવત સંઘના સંસ્થાપક પરમ પૂજ્ય ડો. હેડગેવારજી સાથે નાગપુરમાં એક જ વર્ગમાં ભણતા હતા. મોહનજીના પિતા શ્રી મધુકરરાવ ભાગવત ચંદ્રપુર જિલ્લાના પ્રખ્યાત વકીલ હતા અને સંઘનું કાર્ય પણ કરતા હતા. મધુકરરાવે ગુજરાતમાં સંઘનું કાર્ય શરૂ કર્યું અને ઘણા વર્ષો સુધી ગુજરાતના પ્રચારક રહ્યા. ત્યાર બાદ તેઓ સંઘ પ્રચારકના કાર્યમાંથી નિવૃત્ત થયા અને તેમના પત્ની માલતીબાઈ સાથે સમિતિ જન સંઘ અને વનવાસી કલ્યાણ આશ્રમ માટે કામ કરવાનું ચાલુ રાખ્યું. મધુકરરાવ ચંદ્રપુર વિભાગમાં કામ કરતા હતા. મધુકરરાવ અને માલતીબાઈને ત્રણ પુત્ર મોહન, ચિતરંજન, રવિન્દ્ર અને એક પુત્રી નિવેદિતા હતાં.


મોહનજીનો જન્મ ૧૧ સપ્ટેમ્બર ૧૯૫૦ ના રોજ થયો હતો. તેમણે ચંદ્રપુરની લોકમાન્ય તિલક વિદ્યાલયમાંથી શિક્ષણ મેળવ્યું હતું અને નાગપુરથી બેચલર ઓફ વેટરનરી મેડીસીન (બી.વી.એસ.સી.)ની ડિગ્રી મેળવી હતી. તેઓ એમ.વી.એસ.સી. કરવા માટે અકોલા ગયા હતા. પરંતુ કટોકટીના કારણે તે અધૂરું રહી ગયું. તેઓ અભ્યાસમાં તેજસ્વી, રમતગમતમાં અગ્રણી, સંગીતના બધા જ સાધનો વગાડવામાં સક્ષમ અને સંગીતનું સારું જ્ઞાન ધરાવતા હોવાથી તેમણે સંઘ વર્ગમાં ઘણી સ્પર્ધાઓમાં ઈનામો જીત્યા. તેમની પ્રચારક જીવનની શરૂઆત ૧૯૭૪ માં અકોલા જિલ્લા પ્રચારક તરીકે શરૂ થઈ હતી. તેઓ ૧૯૮૧ થી ના ગપુર પ્રાંત પ્રચારક પછી વિદર્ભ પ્રાંત પ્રચારક બન્યા. તેમણે ૧૯૯૪ માં બિહાર ક્ષેત્ર પ્રચારક, અખિલ ભારતીય શારીરિક પ્રમુખની જવાબદારી નિભાવી. તેઓ ૧૯૯૯ માં અખિલ ભારતીય પ્રચારક પ્રમુખ બન્યા અને ત્યાર બાદ તેમણે ૨૦૦૦ થી ૨૦૦૯ સુધી સરકાર્યવાહ તરીકે કામ કર્યું. ૨૦૦૯ માં સુદર્શનજીએ તેમને પ્રતિનિધિ સભામાં સરસંઘચાલક તરીકે નિયુક્ત કર્યા. જ્યારે મોહનજીને સરસંઘચાલક પદની

**વિચારપૂંજ**
**સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)**

જવાબદારી સોંપવામાં આવી ત્યારે સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક વાતાવરણ બગડી ગયું હતું. સરકારે રાષ્ટ્રીય મુદ્દાઓ પ્રત્યે આંખ આડા કાન કર્યા હતા. ૨૦૦૮ માં મુંબઈ પર આતંકવાદી હુમલો થયો હતો અને તે હુમલાના આધારે ભગવા આતંકવાદ વિશે ગેરસમજ ફેલાવવા માટે એક જાળ બિછાવવામાં આવી હતી. લાંબા સમયથી હિંદુ સમાજ રામ જન્મભૂમિની મુક્તિ માટે લડત ચલાવી રહ્યો છે. આ અંગે કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તેના પરિણામોએ હિન્દુઓની ભૂમિકાને પણ મજબૂત બનાવી.

આ જ રીતે દેશમાં જાતિવાદને પણ આશ્રય આપવામાં આવી રહ્યો હતો. સરકાર થોડા મતો માટે ચોક્કસ જાતિના લોકોને ખુશ કરીને જાતિઓ વચ્ચે તિરાડો પાડવાનો પ્રયાસ કરી રહી હતી. સરસંઘચાલક તરીકે મોહનજી ભાગવતે હિન્દુત્વની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે વર્ષ ૨૦૧૦ માં વિજયાદશમીના દિવસે સ્વયંસેવકોને માર્ગદર્શન આપતી વખતે બૌદ્ધિકમાં કહ્યું હતું કે, શ્રી રામ જન્મભૂમિ સંબંધિત ન્યાયિક પ્રક્રિયાને ૬૦ વર્ષથી ખેંચાવાને કારણે સમગ્ર સમાજની સમરસતાના વિભાજનમાં કડવાશ કે સંઘર્ષની પીડાનું ઝેર પેદા કરનારા, બિનજરૂરી વિવાદ ઊભો કરનારા, મર્યાદા પુરુષોત્તમ શ્રી રામની અયોધ્યામાં સ્થિત જન્મભૂમિ પર આપણા રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક, એક ભવ્ય મંદિર બનાવવા માટે આપણે બધાએ ભૂતકાળ ભૂલીને સાથે આવવું જોઈએ. આ નિર્ણય મુસ્લિમો સહિત દેશના તમામ વર્ગોને એક થવાની તક આપે છે. સુમેળમાં રહીને નવી શરૂઆત કરીએ આ સંઘની માન્યતા છે. ચાલો આપણે આપણા સંકુચિત ભેદભાવને પાછળ છોડી દઈએ, પૂર્વગ્રહો અને શંકાઓને પાછળ છોડી દઈએ, માતૃભૂમિ પ્રત્યે મજબૂત અને નિર્દોષ ભાવ રાખીએ, પૂર્વજોની પરંપરા પ્રત્યે આદર રાખીએ અને વિશ્વની અનોખી, વિશિષ્ટ, સમાવિષ્ટ અને સહિષ્ણુ સંસ્કૃતિ જે બધી વિવિધતાને માન્યતા સુરક્ષા અને તક આપીને, સ્વર્ગસ્થ શ્રી લોહિયાજીના ઉત્તર-દક્ષિણ ભારતની એકતાના નિર્માતા શ્રી રામ જન્મભૂમિનું મંદિર બનાવવા માટે સાથે આવીએ. આ સમગ્ર સમાજની ઈચ્છા છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ નિર્ણય આવ્યા પછી સમાજે બતાવેલી એકતા અને સંયમ આ ઈચ્છા સ્પષ્ટ કરે છે. પરંતુ સ્વાર્થ અને દ્વેષને કારણે કેટલીક આતંકવાદી ઘટનાઓમાં થોડા હિન્દૂ વ્યક્તિઓની કથિત સંડોવણી અંગે,'હિન્દૂ આતંકવાદ', 'ભગવા આતંકવાદ' જેવા શબ્દોને લોકપ્રિય બનાવવા માટે એક દેશદ્રોહી ષડયંત્ર સ્પષ્ટપણે દેખાય છે. ખોટા ઈરાદા સાથે સંઘને તેમાં ઘસેટવાનો દુષ્ટ પ્રયાસ થઈ રહ્યો છે. આપણે એ જાણવાનો પ્રયાસ કર્યો નથી કે લોકોને જુઠ્ઠાણાની જાળમાં ફસાવવાનો અને હિન્દુ સંતો, સજ્જનો, મંદિરો અને સંગઠનોને બદનામ કરવાનો આ દુષ્ટ પ્રયાસ કોના ઈશારે થઈ રહ્યો છે અને તેનાથી કોને ફાયદો થઈ રહ્યો છે? પરંતુ એ વાત ચોક્કસ છે કે કોઈને ફાયદો થવાને બદલે તે આપણા રાષ્ટ્ર માટે બદનામી અને મુશ્કેલી લાવશે. આપણા દેશના બંધારણ મુજબ રાષ્ટ્રધ્વજની ટોચ પર બિરાજમાન ભગવો રંગ બલિદાન-પરિશ્રમ અને જ્ઞાનનું પ્રતીક, આતંકવાદી વ્રુત્તિઓથી મુક્ત હિંદુ સમાજ અને આતંકવાદ સામે લડતા સંતો અને સાધ્વીઓને, ભારત દેશને, દરેક કુદરતી આફતમાં અને આતંકવાદ દરમિયાન અને યુદ્ધ જેવા માનવસર્જિત સંકટ દરમિયાન સરકાર અને વહીવટીતંત્રને પૂરા દિલથી સહકાર આપનારા ૧,૫૭,૦૦૦ થી વધુ નાના-મોટા સેવા કેન્દ્રો દેશની અભાવ-ગ્રસ્ત જનતા માટે ચલાવતા સ્વયંસેવકો કોઈ પણ જાતના ભેદભાવ કે સ્વાર્થી હેતુ વિના સંઘને અને અન્ય સંગઠનને બદનામ કરવાનો આ પ્રયાસ ચોક્કસ નિષ્ફળ જશે. આરોપો પર કોર્ટના ચુકાદા પહેલાં જ સંઘ વિરુધ્ધ મીડિયા ટ્રાયલ દ્વારા ખોટી માહિતી અભિયાનનો-ઝુંબેશનો ઉપયોગ કરતા પહેલાં આ સત્તાઓએ પોતાના કલંકિત અંતરાત્મામાં તપાસ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આ લોકો પોતાના રાજકીય લાભ માટે 'ભગવા આતંકવાદ' શબ્દનો ઉપયોગ કરીને ભારતની મહાન પરંપરાઓ અને તમામ સંતો-મહાત્માઓનું અપમાન કરવાથી પણ બચી રહ્યા નથી. આ સમય દેશને નાના અને ધૃણાસ્પદ ચૂંટણી કાવતરાઓમાં ફસાવવાનો નથી. જો આપણે એવો દાવો કરીએ છીએ કે જન્મથી જ જાતિમુક્ત સમાજ બને છે તો પછી દેશના દરેક નાગરિકની જાતિ વિશે પૂછવાની અને પછી તેમને ફરી એક વાર તેની યાદ અપાવવાની યોજના શા માટે બનાવવામાં આવી ? એક સમાન સામાજિક વલણ બનાવવા માટે તમારી જાતિ હિન્દુ, હિન્દુસ્તાની અથવા ભારતીય લખો અને કહો. જાણે દેશના પ્રખ્યાત વિદ્વાનો અને સામાજિક કાર્યકર્તા આવી અપીલ કરી રહ્યા હોય ત્યારે ભાવનાત્મક એકતા લાવવા માટે કર્તવ્યબધ્ધ શાસન તેમનો વિરોધ કરીને અને દરેક નાગરિકથી તેમની જાતિ ગણવાનું કહેશે ? નિયોજન માટે ડેટા એકત્રિત કરવા માટે એક અલગ સ્વતંત્ર તાત્કાલિક અને મર્યાદિત વ્યવસ્થા બનાવવી સરકારની ક્ષમતાની બહાર નથી. છેલ્લા ૮ આ રીતે શ્રી મોહનજી ભાગવતે સરસંઘચાલક તરીકે પોતાના પ્રથમ બૌદ્ધિકમાં જ ભારતની સાંપ્રત સ્થિતિમાં ઊભા થયેલા વિકટ પ્રશ્નોના નિરાકરણ બાબતે પોતાના સ્વતંત્ર અને સ્વાયત્ત વિચારો રજૂ કર્યા હતા.

# ભૂલોથી માણસ શીખે છે અને ભૂલવાથી માણસ આગળ વધે છે



માણસ છે એટલે ભૂલ થવાની જ. દુનિયામાં એવી કોઈ વ્યક્તિ નથી કે જેણે જીવનમાં ક્યારેય ભૂલ ન જ કરી હોય. બાળક ચાલતાં શીખે ત્યારે પડે છે, વિદ્યાર્થી ભણતાં શીખે ત્યારે ભૂલો કરે છે, વેપારી ધંધામાં નિર્ણય લેતાં ક્યારેક થાપ ખાય છે અને જીવનના સંબંધોમાં પણ માણસથી ક્યારેક શબ્દોની કે વર્તનની ભૂલ થઈ જાય છે. પરંતુ જીવનની સુંદરતા એમાં નથી

**મનન ચિંતન**



**ભરત બાવીશી**

કે આપણાથી ક્યારેય ભૂલ ન થાય; સુંદરતા એમાં છે કે ભૂલ થયા પછી આપણે તેમાંથી શું શીખીએ છીએ.

ભૂલ ખરેખર માણસનો માર્ગદર્શક છે. શાળામાં મળતું શિક્ષણ આપણને જ્ઞાન આપે છે, પરંતુ જીવનમાં થતી ભૂલ આપણને સમજ આપે છે. એક વખત થયેલી ભૂલ આપણને બીજી વખત સાવચેત કરે છે. એક નિષ્ફળ નિર્ણય આપણને આગામી નિર્ણય વધુ વિચારીને લેતાં શીખવે છે. એટલે સમજદાર માણસ પોતાની ભૂલથી નિરાશ થતો નથી, પરંતુ પોતાને પૂછે છે "આ ભૂલે મને શું શીખવ્યું?"

પરંતુ માત્ર ભૂલમાંથી શીખવું પૂરતું નથી. કેટલીક બાબતોને ભૂલવી પણ પડે છે. જીવનમાં ઘણી વખત માણસ ભૂતકાળની કોઈ ઘટના, નિષ્ફળતા, અપમાન કે દુઃખને એટલું પકડીને બેસી રહે છે કે વર્તમાનની ખુશીઓ પણ ગુમાવી દે છે. જે બની ગયું છે તેને વારંવાર યાદ કરવાથી ઘટના બદલાતી નથી, પરંતુ આપણું મન જરૂર દુઃખી રહે છે.

એટલે જ કહેવાય છે કે ભૂતકાળમાંથી પાઠ લો, ભાર નહીં.

કોઈએ આપણને દુઃખ આપ્યું હોય તો તેને માફ કરવું જરૂરી છે. કોઈ નિર્ણય ખોટો પડ્યો હોય તો તેની ભૂલ સ્વીકારીને આગળ વધવું જરૂરી છે. કોઈ સંબંધ તૂટી ગયો હોય તો તેની યાદમાં આખું જીવન અટકાવી દેવું યોગ્ય નથી. કારણ કે આગળ વધવાનું નામ જ જીવન છે.

નાનું બાળક ચાલતાં શીખે છે ત્યારે પડીને રડ્યા પછી ફરી ઊભું થાય છ, તે પડી ગયેલી જગ્યાએ બેસીને આખી જિંદગી ફરિયાદ કરતું નથી. તે ફરી પ્રયત્ન કરે છે અને એક દિવસ દોડવા લાગે છે. આપણું જીવન પણ આવું જ હોવું જોઈએ.

નિષ્ફળતા એ અંત નથી, પરંતુ નવી શરૂઆતનો સંદેશ છે.

વૃક્ષના થડ પર પડેલા ઘાના નિશાન તેની નબળાઈ નથી બતાવતા; તે બતાવે છે કે વૃક્ષે મુશ્કેલી સહન કરી છે અને છતાં ઊભું છે. તેવી જ રીતે જીવનની ભૂલો અને મુશ્કેલીઓ આપણને તોડવા માટે નહીં, પરંતુ વધુ મજબૂત બનાવવા માટે આવે છે.

માણસની પરિપક્વતા એમાં છે કે તે પોતાની ભૂલ સ્વીકારી શકે, બીજાની ભૂલ માફ કરી શકે અને ભૂતકાળને છોડીને ભવિષ્ય તરફ જોઈ શકે.

માણસે યાદ રાખવું જોઈએ કે ભૂલ થાય તો શીખવું, દુઃખ મળે તો સહન કરવું, ભૂલ થઈ હોય તો માફી માગવી, કોઈએ ભૂલ કરી હોય તો માફ કરવું અને જે વીતી ગયું છે તેને છોડીને આગળ વધવું. કારણ કે ભૂલ આપણને શીખવે છે, અનુભવ આપણને ઘડે છે અને ભૂલી જવાની કળા આપણને મુક્ત કરે છે.

અંતે એટલું જ કે ભૂલોથી માણસ શીખે છે અને ભૂલવાથી માણસ આગળ વધે છે. જે માણસ ભૂતકાળમાંથી શીખીને વર્તમાનને જીવે છે અને ભવિષ્ય તરફ આશાથી જુએ છે, એ જ સાચા અર્થમાં જીવન જીવે છે.

**નદી જો પાછળ વળીને પોતાના માર્ગને જ જોતી રહે તો સમુદ્ર સુધી પહોંચી શકે નહીં.**

**સૂર્ય રોજ ઉગે છે કારણ કે તેને ગઈકાલના અસ્તનો અફસોસ નથી. ઋતુઓ બદલાય છે કારણ કે પ્રકૃતિ ભૂતકાળને પકડીને બેઠી નથી.**

# આમાં શું લખ્યું છે ?? વાંચો પછી વાત






મહારાષ્ટ્રના વિદર્ભના સુહાસ બાલીએ પરંપરાગત ખેતીની બહાર વિચાર્યું, વિદેશી શાકભાજી, આધુનિક ટેકનોલોજી અને સીધા બજાર જોડાણથી ખેડૂતો માટે ઊભી કરી નવી આવકની તક. આજે ગામડામાં ખેતીની વાત નીકળે એટલે સૌથી પહેલાં ખર્ચ અને નફાની વાત થાય છે. બીયારણ મોંઘું, ખાતર મોંઘું, દવા મોંઘી, મજૂરીના ભાવ વધતા જાય અને ઉપરથી વરસાદ તથા હવામાનનો કોઈ ભરોસો નહીં. પાક તૈયાર થાય ત્યારે બજારમાં ભાવ મળશે કે નહીં તેની પણ ચિંતા રહે. આવી પરિસ્થિતિમાં ઘણા ખેડૂતોને લાગે છે કે ખેતીમાં હવે પહેલાં જેવી કમાણી રહી નથી. પરંતુ મહારાષ્ટ્રના વિદર્ભના સુહાસ બાલીની વાત ખેડૂતોને એક નવી દિશા બતાવે છે. તેમની કહાનીનો સાર એટલો છે કે ખેતીમાં માત્ર વધુ ઉત્પાદન કરવાથી જ કમાણી વધતી નથી, પરંતુ કયો પાક લેવો, કઈ ટેકનોલોજી વાપરવી અને પાકને કયા બજારમાં વેચવો તેની સમજ પણ એટલી જ જરૂરી છે.

**MBA**નો અભ્યાસ કર્યા પછી સુહાસ બાલી કોર્પોરેટ ક્ષેત્રમાં નોકરી કરતા હતા. થોડા વર્ષો સુધી નોકરી કર્યા બાદ તેમણે નક્કી કર્યું કે હવે પોતાની જમીન અને ખેતી સાથે કંઈક નવું કરવું છે. તેમણે કોર્પોરેટ નોકરી છોડીને પરિવારની ખેતી તરફ વળવાનો નિર્ણય કર્યો. સામાન્ય રીતે વિદર્ભ વિસ્તારમાં કપાસ અને સોયાબીન જેવા પરંપરાગત પાકો લેવામાં આવે છે. પરંતુ સુહાસે વિચાર્યું કે વર્ષોથી ચાલતી ખેતીની સાથે જો બજારમાં ઊંચી માંગ ધરાવતા નવા પાકોનો પ્રયોગ કરવામાં આવે તો શું થાય?

આ વિચાર સાથે તેમણે બ્રોકલી, લાલ કોબી, કેપ્સિકમ, લેટીસ, ચેરી ટામેટાં જેવા શાકભાજી પાકો ઉગાડવાના પ્રયોગો શરૂ કર્યા. શરૂઆતમાં આસપાસના લોકોને તેમની વાત સમજાતી નહોતી. ગામડાના માણસને સ્વાભાવિક રીતે સવાલ થાય કે આપણા વિસ્તારમાં આવા શાકભાજી કોણ ખરીદશે? પરંતુ સુહાસે ગામના નાના બજાર પૂરતું વિચારવાને બદલે મોટા શહેરોના બજાર તરફ નજર કરી. મુંબઈ, પુણે અને બેંગ્લુરુ જેવા શહેરોમાં હોટેલ, રેસ્ટોરન્ટ, સુપરમાર્કેટ અને આધુનિક રિટેલ ક્ષેત્રમાં બ્રોકલી, લેટીસ, રંગીન કેપ્સિકમ અને ચેરી ટામેટાં જેવા શાકભાજીની માંગ રહે છે. એટલે તેમણે એક મહત્વની વાત સમજવાનો પ્રયાસ કર્યો કે ખેતીમાં માત્ર "શું ઉગાડવું?" એ પ્રશ્ન નહીં, પરંતુ "શું વેચાશે?" એ પ્રશ્ન પણ એટલો જ મહત્વનો છે.

આ વિચારને કારણે તેમની ખેતીની પધ્ધતિમાં પણ ફેરફાર આવ્યો. જ્યાં જરૂરી હોય ત્યાં તેમણે પોલીહાઉસ જેવી સુરક્ષિત ખેતી પધ્ધતિઓ અને ટપક સિંચાઈ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કર્યો. ટપક સિંચાઈથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય છે અને છોડને જરૂર પ્રમાણે પાણી પહોંચાડી શકાય છે. પોલીહાઉસ જેવી પધ્ધતિથી પાકને ચોક્કસ પરિસ્થિતિમાં ઉગાડવામાં મદદ મળે છે. સુહાસની વાતમાંથી એક મહત્વની શીખ એ પણ મળે છે કે માત્ર ટેકનોલોજી લગાવી દેવાથી ખેતી નફાકારક બની જતી નથી. ટેકનોલોજી પાછળનો ખર્ચ, પાકની ઉપજ, બજારભાવ અને અંતે હાથમાં બચતો નફો, આ બધું ગણવું જરૂરી છે.

**ઝાકળનું એક બિંદુ**



**હિરેન હિરપરા**

વિદેશી શાકભાજીના કેટલાક પાકોમાં પરંપરાગત પાકોની સરખામણીએ વધુ ભાવ મળવાની શક્યતા રહે છે. સુહાસ બાલીની ખેતી અંગેના અહેવાલોમાં કેટલાક પાકોમાં નોંધપાત્ર વધુ આવક મળ્યાના ઉદાહરણો આપવામાં આવ્યા છે. ખાસ કરીને લાલ કોબી, બ્રોકોલી અને કેપ્સિકમ જેવા પાકોનો ઉલ્લેખ થાય છે. પરંતુ અહીં ખેડૂત માટે સૌથી જરૂરી વાત એ છે કે ઊંચો બજારભાવ એટલે ઊંચો નફો એવું સીધું ગણિત નથી. બીયારણ કે રોપા, ખાતર, દવા, મજૂરી, પાણી, વીજળી, પેકિંગ, પરિવહન અને બગાડ જેવા તમામ ખર્ચ બાદ જે રકમ બચે તે જ સાચી કમાણી છે. એટલે એક ખેડૂતને મળેલી આવકને બીજા ખેડૂત માટે નક્કી કમાણી તરીકે જોવી યોગ્ય નથી.

સુહાસ બાલીની સફરની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમણે પોતાની ખેતી પૂરતી વાત રાખી નહીં. તેમણે ખેડૂતો સાથે મળીને કામ કરવાનો રસ્તો અપનાવ્યો અને **Rudrayani Agro India** સાથે જોડાઈને ખેડૂતોને નવી ખેતી પધ્ધતિ, ઊંચી કિંમતવાળા શાકભાજી અને બજાર જોડાણ અંગે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કર્યો. જેમાં "૩૦૦૦ ખેડૂતો ખેતીની તાલીમ લઈને આર્થિક સધ્ધર બની ગયા.

સુહાસની કહાનીમાં સૌથી મોટી વાત કદાચ આ છે કે તેમણે ખેતીને માત્ર જમીન પરનું કામ ન માન્યું, પરંતુ તેને બજાર સાથે જોડાયેલો વ્યવસાય માન્યો. ખેડૂત સામાન્ય રીતે પાક તૈયાર કરે છે અને પછી બજારમાં ભાવ શોધે છે. પરંતુ આજના સમયમાં જો ખેડૂત વાવેતર કરતાં પહેલાં જ સંભવિત ખરીદદાર, બજારની માંગ, ગુણવત્તા, જથ્થો અને વેચાણની વ્યવસ્થા અંગે વિચાર કરે તો જોખમ ઓછું કરી શકાય છે.

આ વાત ગુજરાતના ખેડૂતો માટે પણ ખૂબ મહત્વની છે. ગુજરાતના દરેક વિસ્તારમાં જમીન, પાણી, હવામાન અને બજારની પરિસ્થિતિ અલગ છે. તેથી વિદર્ભમાં જે પાક સફળ થયો તેની સીધી નકલ કરવી જરૂરી નથી. ગુજરાતના ખેડૂતે વિદર્ભનો પાક નહીં, પરંતુ વિદર્ભનો વિચાર અપનાવવો જોઈએ. એટલે કે પોતાના વિસ્તારની જમીન અને પાણી પ્રમાણે પાક પસંદ કરવો, બજારની માંગ સમજવી, નાના વિસ્તારમાં નવો પ્રયોગ કરવો અને પરિણામ સારું આવે તો ધીમે ધીમે વિસ્તાર વધારવો.

આજે એક-બે એકર જમીન ધરાવતા નાના ખેડૂત માટે પણ આ વિચાર મહત્વનો છે. આખી જમીનમાં એકસાથે નવો પ્રયોગ કરવાને બદલે થોડા વિસ્તારમાં શરૂઆત કરી શકાય. ઉત્પાદનનો ખર્ચ, ઉપજ, બજારભાવ અને નફાનો હિસાબ કાઢી શકાય. જો ગણિત બેસે તો આગળ વધવું. જો ગણિત ન બેસે તો સમયસર પાક કે પધ્ધતિ બદલવી. ખેતીમાં પણ હવે "પહેલા પ્રયોગ અને પછી વિસ્તાર"ની રીત અપનાવવાની જરૂર છે.

નાના ખેડૂતો માટે ખેડૂતોનું સંગઠન પણ મોટો રસ્તો બની શકે છે. એક ખેડૂત પાસે ઓછો માલ હોય તો મોટા બજાર સુધી પહોંચવું મુશ્કેલ બને છે. પરંતુ ઘણા ખેડૂતો એકસાથે આવે, એકસરખી ગુણવત્તાનો માલ તૈયાર કરે અને સામૂહિક રીતે બજારમાં વેચે તો તેમની સોદાકીય શક્તિ વધી શકે છે. **FPO**, સહકારી મંડળી અને ખેડૂત જૂથો દ્વારા ઉત્પાદનથી લઈને વેચાણ સુધીની વ્યવસ્થા મજબૂત બનાવી શકાય છે.

સુહાસ બાલીની કહાનીનો અર્થ એવો નથી કે હવે દરેક ખેડૂતે બ્રોકોલી, લેટીસ કે કેપ્સિકમ જ વાવવા જોઈએ અને લાખો રૂપિયા કમાવવા જોઈએ. સાચો સંદેશ એ છે કે ખેતીમાં નવી શક્યતાઓ શોધવી જોઈએ. બજાર બદલાય છે તો પાકની પસંદગી પણ બદલવી જોઈએ. ટેકનોલોજી આવે તો તેનો ઉપયોગ સમજદારીથી કરવો જોઈએ અને સૌથી મહત્વની વાત એ છે કે ખેડૂતે પોતાની મહેનતની કિંમત પોતે ગણવી શીખવી જોઈએ.

આજના સમયનો ખેડૂત માત્ર પાક ઉગાડનાર ન રહે, પરંતુ પોતાની ખેતીનો આયોજનકર્તા, બજારનો જાણકાર અને એગ્રી-એન્ટરપ્રેન્યોર બને એ સમયની જરૂરિયાત છે. કારણ કે જમીન એ જ છે, ખેડૂતની મહેનત એ જ છે, પરંતુ જો વિચારવાની રીત બદલાય, યોગ્ય પાક પસંદ થાય, ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ થાય અને બજાર સાથે સીધું જોડાણ બને તો ખેતીની કમાણીનું ગણિત પણ બદલાઈ શકે છે. સુહાસ બાલીએ પોતાની રીતે આ રસ્તો અજમાવી બતાવ્યો છે. હવે ગુજરાતના ખેડૂત માટે પણ વિચારવાનો સમય છે કે આપણે દર વર્ષે માત્ર એ જ પાક લેતા રહીશું કે પછી પોતાની જમીન, પાણી અને બજારને સમજીને ખેતીમાં કોઈ નવો રસ્તો શોધીશું?

કારણ કે આવતીકાલની સફળ ખેતીનો સાચો રસ્તો કદાચ એટલો જ છે. "પહેલા બજાર સમજો, પછી પાક વાવો; માત્ર ઉત્પાદન નહીં, નફાનું પણ આયોજન કરો."સુહાન બાલી નો સંપર્ક નં ૮૨૦૮૧૪૧૦૪૬ છે.


**:: તિખારો ::**

**જ્યારે તમે નિડર બનશો પછી જ તમે લીડર બનશો, જો લીડર ના બની શકો તો પછી સારા ફીલ્ડર બનજો પણ કોઈ ના ફોલ્ડર કે આધાપાછી કરવાવાળા ના બનતા કારણે તેની ડીમાન્ડ બહુ રહે છે પણ ભવિષ્ય હોતુ નથી**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# " ડુંગળી, રીંગણ, મરચી અને ટમેટીનું આદર્શ ધરૂવાડીયું "



રીંગણ, ટમેટી તથા મરચીનું ધરૂનું વાવેતર તથા ફેરરોપણી :

**રીંગણ તથા ટમેટી માટે :**

● ધરૂવાડીયામાં ધરૂનું વાવેતર ચોમાસું પાક માટે જુન માસ જયારે શિયાળુ પાક માટે ઓગસ્ટ – સપ્ટેમ્બર માસમાં વાવેતર કરવું.

● ત્યારબાદ ધરૂ જયારે ૩૫ થી ૪૦ દિવસના થાય ત્યારે ફેરરોપણી કરવી.

**મરચી :**

● ચોમાસું મરચીના પાકના ધરૂ માટેનું વાવેતર સામાન્ય રીતે જુન મહિનાના અંતમાં કરવામાં આવે છે.

● ત્યારબાદ ૪૦ થી ૪૫ દિવસે ૧૫મી ઓગષ્ટની આજુબાજુ જયારે ઝરમર વરસાદ ચાલુ હોય ત્યારે ફેરરોપણી કરવી.

● ઉનાળુ મરચી માટે નવેમ્બર – ડીસેમ્બરમાં બીજનું વાવેતર કરી ડીસેમ્બર – જાન્યુઆરીમાં ફેર રોપણી કરવામાં આવે છે.

**ડુંગળી :**

● ચોમાસું ડુંગળીનું વાવેતર સામાન્ય રીતે જુન મહિનામાં કરવામાં આવે છે. જયારે શિયાળુ પાક માટે ધરૂ વાડીયામાં બીજનુ વાવેતર ૨૦ મી સપ્ટેમ્બર થી ૨૦ મી ઓકટોબર દરમ્યાન કરવું.

**ધરૂ ઉછેર :**

● ધરૂવાડીયા માટે જમીન સારી ફળદ્રુપતાવાળી, સારા નીતારવાળી, પાણી ભરાઈ ન રહે તેવી પાણીના નીકાલવાળી તેમજ વાડ કે ઝાડનો છાયો આવતો ન હોય તેવી

**રાબીંગ :**

● જમીન ઉપર ઘઉંનું કે બાજરીનું ભુંસુ અથવા નકામું ઘાસ પાથરી છ ઈંચ જેટલો ઠર બનાવવો, આ ઘાસના થરને પવનની વિરુદ્ધ દિશામાં સળગાવવું જેથી જમીન ધીમા તાપે લાંબો સમય સુધી તપે આને રાબીંગ કહેવામાં આવે છે.

**સોઈલ સોલેરાઈઝેશન :**

● જો રાબીંગ શકય ન હોય તો પાતળા પ્લાસ્ટીકનો ઉપયોગ કરવો, વરાપ થયે ખેડ કરીને કયારાના માપ પ્રમાણે ૧૦ થી ૨૦ દિવસ સુધી પ્લાસ્ટીક ઢાંકી રાખવું.

**રાબીંગ અને સોઈલ સોલેરાઈઝેશના ફાયદા :**

● જમીનમાં રહેલ ફુગ, જીવાણુ, કીટકોના કોશેટા, કૃમિ તેમજ નિંદામણના બીજનું નિયંત્રણ કરી શકાય.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**રીંગણ, મરચી તથા ટમેટીનું ધરૂ ઉછેર :**

● એક હેકટરના વાવેતર માટે ૧૦૦ થી ૧૫૦ ચો.મી.ના ધરૂવાડીયાની જરૂરીયાત રહે છે. જમીનનું સોલેરાઈઝેશન કરવું.

● ધરૂવાડીયામાં ૧૦૦ કિલો છાણીયુ ખાતર, ૫ કિલો દિવેલીનો ખોળ, ૫ કિલો ડી.એ.પી. તથા ૨૫૦ ગ્રામ ફોરેટ – ૧૦ જી. દવા ધરૂવાડીયુ તૈયાર કરતી વખતે જમીનમાં ભેળવવું. ત્યારબાદ ૪ બાય ૧ મીટરના ૧૫ સે.મી. ઉંચાઈના ગાદી કયારા બનાવવા.

● રીંગણ તથા ટમેટી માટે હેકટરે ૩૦૦ થી ૩૫૦ ગ્રામ તથા મરચી માટે હેકટરે ૭૫૦ ગ્રામ બીજની જરૂરીયાત રહે છે.

● બીજને વાવતા પહેલા કાર્બેન્ડાઝીમ દવાનો (૨-૩ ગ્રામ / કિલો બીજ) પટ આપવો.

● બીજ વાવેતર બાદ હળવું પિયત આપવું.

● ધરૂ ઉછેર દરમ્યાન પાક સંરક્ષણના પુરતા પગલાં લેવા. જેથી તંદુરસ્ત છોડ મળે અને રોપણી કર્યા બાદ તેમા રોગ અને જીવાતનું પ્રમાણ ઘટે છે, તેમજ રોપણી કર્યા બાદ છોડ ઓછા સુકાવાના કારણે ખાલા પડતા નથી.

**ડુંગળીનું ધરૂ ઉછેર :**

● એક હેક્ટર માટે ૪ થી ૫ ગુઠામાં ધરૂનું વાવેતર કરવું. જમીનનું સોલેરાઈઝેશન કરવું.

● ધરૂવાડીયામાં બે ટન છાણીયુ ખાતર તેમજ ૫ થી ૬ કિલોગ્રામ યુરીયા અને ૪ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ જમીનમાં ભેળવવું.

● ગાદી કયારા ૪ થી ૫ મીટર લાંબા, ૧ થી ૧.૫ મીટર પહોળા અને ૧૫ સે.મી. ઉચાઈના બનાવવા. જેથી કયારામાં પાણી ભરાઈ ન રહે અને ધરૂના કહોવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

● એક હેક્ટરના વાવેતર માટે ૮ થી ૧૦ કિલોગ્રામ બિજની જરૂર પડે છે.

● બીજને વાવતા પહેલા થાયરમ ૩ ગ્રામ દવાનો એક કિલો બીજ દીઠ પટ આપવો.

● ત્યાર બાદ ૩ ઈંચના અંતરે લાકડાની પંજેઠી થી ચાસ ખોલવા / પાડવા અને તેમાંબીજ હરોળમાં આવવા.

● આ બીજ વાવેલા ચાસને હળવી લીલી શેડોનેટ ઢાંકી દેવી. ત્યાર બાદ સવાર – સાંજ ઝારાથી પાણી આપવું.

● દસ દિવસ પછી ઉપરની શેડોનેટ કાઢી નાખવી અને ધરૂમાં કહોવારો આવ્યો હોય અથવા ન આવે તે માટે રીડોમીલ ૨ થી ૩ ગ્રામ ૧૦ લીટર પાણીમાં લઈ ઝારાથી ૧ ચોરસ મીટર વિસ્તારમાં ૩ લીટર પ્રમાણે આપવું.

● ધરૂવાડીયામાં સમયસર પિયત, પાક સંરક્ષણ તેમજ નિંદામણ કરતા રહેવું.

**સેન્દ્રીય અને રાસાયણિક ખાતર : એક ગુંઠા ધરૂવાડીયાના વિસ્તાર માટે :**

● ૫૦ થી ૭૦ કિ.ગ્રા. છાણીયું કે ગળતીયું ખાતર અથવા ૧૦ કિ.ગ્રા. દિવેલીનો ખોળ

● ૫૦૦ ગ્રામ નાઈટ્રોજન, (એમોનિયમ સલ્ફેટ ૨.૫ કિલો)

● ૫૦૦ ગ્રામ ફોસ્ફરસ (ડીએપી ૧.૦ કિલો) ગાદી કયારા તૈયાર કર્યા બાદ બીજની વાવણી પહેલા પુંખીને પંજેઠી મારી જમીન સાથે ભેળવી દેવું.

● બીજના ઉગાવા બાદ ૧૫ થી ૨૦ દિવસ પછી ૫૦૦ ગ્રામ નાઈટ્રોજન એમોનિયમ સલ્ફેટના રૂપમાં આપવું.

● ધરૂવાડીયાની જમીનમાં ઝીંક અને લોહતત્વની ઊણપ જણાતી હોય છે માટે એક ગુંઠામાં ૪૦૦ ગ્રામ ફેરસ સલ્ફેટ, ૨૦૦ ગ્રામ ઝીંક સલ્ફેટ અને ૧૦૦ ગ્રામ બોરેક્ષને જમીન તૈયાર કરતી વખતે પાયામાં આપવું.

**રૂવાડીયા માટે જમીનની તૈયારીઃ**

**રાબીંગઃ સોઈલ સોલેરાઈઝેશન ૧૦૦ માઈક્રોન પ્લાસ્ટીક**

**ધરૂવાડીયાની માવજત :**

● ધરૂ ઉછેર કરવામાં આવેલ કયારાને એગ્રોશેડ નેટ અથવા ડાંગરના પરાળનું ઢાંકણ કરી હળવુ પિયત આપવું.

● જરૂરીયાત મુજબ ઝારાં કે ફુવારાની મદદથી પાણી આપતા રહેવું.

● બીજનો પૂરતો ઉગાવો થયા બાદ ૪ થી ૫ દિવસ પછી ઘાસ/એગ્રોનેટનું આવરણ દુર કરવું, કયારામાં રહેલ ઘાસ કચરાને બરાબર વીણી સાફ કરવા.

● કયારા સાફ કર્યા પછી મેટાલેકસીલ એમ ઝેડ (રીડોમીલ) ૨ ગ્રામ / ૧૦ લીટર પ્રમાણે છંટકાવ કરવો જેથી ધરૂના કોહવારાનું નિયંત્રણ થઈ શકશે.

● એગ્રોનેટનો ઉપયોગ કરવાથી જમીનમાંથી ભેજ ઊડતો નથી, જેથી એકાંતરે દિવસે બપોર પછી પાણીનો છંટકાવ કરવો.

● ચોમાસા દરમ્યાન જયારે વરસાદ હોય ત્યારે પાણી ભરાઈ ન રહે તે માટે કયારાની પાળી ઉપર ખરપડીની મદદથી થોડા અંતરે નીકો કરવી.

● ૩૦-૩૫ દિવસની ઉમરના ધરૂનો ફેરોપણી માટે ઉપયોગ કરવો.

**રીંગણ, ટમેટી, મરચી તથા ડુંગળીના ધરૂવાડીયામા આવતા રોગો તથા તેનુ નિયંત્રણ**

| પાકનું નામ | રોગનુ નામ | રોગના ઓળખ ચિહનો | નિયંત્રણના પગલા |
|---|---|---|---|
| મરચી, રીંગણી, ટમેટી | ધરૂ મૃત્યુ તથા સુકારો | ધરૂવાડીયામાં છોડ ચીમળાઈને / સુકાઈને મરી જાય છે. | બીજને કોર્બેન્ડાઝીમનો પટ્ટ આપવો (૨થી ૩ ગ્રામ /કિલો)) ૧૫ દિવસ બાદ મેટાલેકસીલ એમ ઝેડ (રીડોમીલ ૨૭ ગ્રામ / ૧૦ લીટરનું દ્રાવણ એક લીટર/ચો.મી. મુજબ ઝારાથી કયારામાં નિતારવુ |
| મરચી, ટમેટી | કોકડવા | પાન કોકડાઈ જાય, વાંકા વળી જાય અને છોડ નાનો રહે. | રોગવાળા ધરૂને શરૂઆતથી ઉપાડી નાશ કરવો કાર્બાફયુરાન-૩-જી આપવુ. ત્યારબાદ ડાયમેથોએટ ૧૦ મિલી ૧૦ લીટરનો અંતરે છંટકાવ કરવો. |

**રીંગણ, ટમેટી, મરચી તથા ડુંગળીના ધરૂવાડીયામા આવતી જીવાતો તથા તેનુ નિયંત્રણ**

| | | |
|---|---|---|
| ૧. મોલોમશી, તડતડીયા, થ્રીપ્સ, સફેદ માખી વગેરે | પાનમાંથી રસ ચૂસીને નુકશાન કરે છે. | શોષક પ્રકારની દવા જેવી કે ટ્રાયઝોફોસ ૧૦ મિ.લી. દવા ૧૦ લીટર પાણીમાં અથવા ઈમીડાકલોપ્રીડ ૧૦ મિ.લી દવા ૧૦ લીટર પાણીમાં ઓગાળી છટકાવ કરવો |

# ચોમાસું બાજરીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી



(૧) **જી.એચ.બી.-૫૫૮:** કુતુલ રોગ સામે પ્રતિકારક શક્તિ ધરાવતી, મધ્યમ મોડી પાકતી, દાણાની આકર્ષક રંગ તથા આકાર ધરાવતી આ જાત સમગ્ર દેશમાં ચોમાસુ અને ઉનાળુ એમ બંન્ને ઋતુમાં વાવણી માટે ભલામણ કરેલ છે. આ જાત દાણા અને સૂકાચારાનું વધુ ઉત્પાદન આપે છે. ડુંડા જાડા અને આર્કષક દેખાવવાળા હોય છે. આ જાતનું દાણા અને ઘાસચારાનું મહત્તમ ઉત્પાદન અનુક્રમે ૪૬૩૮ કિ.ગ્રા./હે. અને ૯૯૫૦ કિ.ગ્રા./હે. મળેલ છે. આ જાત એમ.એચ. ૧૭૯ જાત કરતાં દાણા અને ઘાસચારાનું અનુક્રમે ૧૭% અને ૮% વધુ ઉત્પાદન આપે છે.

**(૨) ગુજરાત હાયબ્રીડ બાજરા-૫૭૭** :- કૃતલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, મધ્યમ વહેલી પાકતી, ડૂંડા લાંબા અને આર્કષક દેખાવ વાળા તથા દાણા મોટા કદના ધરાવે છે. દાણા અને સુકા ચારાનું વધુ ઉત્પાદન આપતી આ જાતને સમગ્ર ગુજરાત ઉપરાંત અખિલ ભારતીય ધોરણે મધ્ય અને ઉત્તર ભારતના રાજયો (રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી વિ.)માં પણ ખરીફ ઋતમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જુદા જુદા ૧૭ કેન્દ્રો પર ખરીફ ઋતુમાં સને ૧૯૯૯ થી ૨૦૦૨ સુધી ચકાસણી કરતાં, આ જાતે કન્ટ્રોલ જાતો જી.એચ.બી. ૨૩૫, એમ. એચ.-૧૬૯, આઈ.સી.એમ.એચ.-૩૫૬ અને પી.બી.-૧૦૬ (પ્રાઈવેટ જાત) કરતાં અનુક્રમે ૨૩, ૩૫, ૩૮ અને ૧૯ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે. દુષ્કાળની પરિસ્થિતિમાં તેમજ ઓછા વરસાદ વાળા વિસ્તાર માટે ખાસ અનુકૂળતા ધરાવે છે.

**(૩) જી.એચ.બી.૫૩૮:** સૂકા તથા પાણીની અછતવાળા વિસ્તારો માટે ભલામણ કરેલ છે. આ જાત વહેલી (૭૦-૭૫ દિવસે) પાકતી, પાણીની અછતની પરિસ્થિતિમાં વધુ ઉત્પાદન આપવાની

ર્ડા.રાકેશ.એસ.પરમાર, શ્રી અર્પિત.પી. ભુરીયા,
ર્ડા.ધવલ.એન.પડાળીયા અને ર્ડા. આશિષ. જી. વાળા
૧. આચાર્ય. ૨ & ૩. મદદનીસ પ્રાધ્યાપક
પોલીટેકનિક ઇન એગ્રીકલચર,
જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, ધારી
૪. મદદનીસ પ્રાધ્યાપક કૃષિ મહાવિધાલય,
વિભાગ બાયો ટેક. જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

ક્ષમતા ધરાવતી, કુતુલ રોગ સામે તથા સાંઠાની માખી અને ગાભિમારાની ઈયળ સામે પ્રતિકારકશક્તિ ધરાવતી, ઢળી ન પડવાની ક્ષમતા ધરાવે છે. આ જાત પુસા-૧૨૩ કરતાં દાણાનું ૨૭.૧% અને સૂકાચારાનું ૧૨.૫% વધુ ઉત્પાદન આપે છે. આ જાતનું દાણા અને ઘાસચારાનું મહત્તમ ઉત્પાદન અનુક્રમે ૨૭૮૬ કિ.ગ્રા./હે. અને ૫૩૩૯ કિ.ગ્રા./હે. મળેલ છે. (૪) જીએચબી ૧૧૨૯ (જામ શક્તિ): મધ્યમ વહેલી (૭૮ થી ૮૨ દિવસે) પાકતી, કુતુલ અને બ્લાસ્ટ રોગ તેમજ અગત્યની જીવાતો સામે પ્રતિકારક શક્તિ ધરાવતી આ જાત ૨૦૧૯થી વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. આ જાત ખરીફ ઋતુમાં હેકટરે દાણાનું સરેરાશ ૨૮૫૦ થી ૩૦૫૦ કિ.ગ્રા. અને સુકાચારાનું ૬૧૦૦ થી ૬૩૦૦ કિ.ગ્રા. ઉત્પાદન આપે છે.

**(૬) જીએચબી ૧૨૨૫ (મોતી શક્તિ):** બાજરાના મુખ્ય રોગો સામે ઉપરાંત અગત્યની જીવાતો સામે પ્રતિકારકશક્તિ ધરાવતી, મોડી અવધિમાં પાકતી (૮૧ થી ૮૫ દિવસે) અને દાણા અને સૂકાચારાનું વધુ ઉત્પાદન આપતી આ જાત ૨૦૧૯થી વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. આ જાત હેકટરે દાણાનું સરેરાશ ૨૯૦૦ થી ૩૧૦૦ કિ.ગ્રા. અને સુકાચારાનું ૭૨૦૦ થી ૭૪૦૦ કિ.ગ્રા. ઉત્પાદન આપે છે.

**(૫) જીએચબી ૧૨૩૧ (સાવજ શકિત):**

કુતુલ તથા અન્ય રોગ તેમજ અગત્યની જીવાતો સામે પ્રતિકારક શક્તિ ઘરાવતી, મોડી (૭૯ થી ૯૦ દિવસે) પાકતી, દાણા મોટા કદના અને આકર્ષક રંગ ઘરાવતી આ જાત ગુજરાત રાજયમાં ૨૦૨૦ થી વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. આ જાત ખરીફ ઋતુમાં હેકટરે દાણાનું સરેરાશ ૨૬૫૦ થી ૨૮૫૦ કિ.ગ્રા. અને સુકાચારાનું ૭૩૫૦ થી ૭૫૫૦ કિ.ગ્રા. ઉત્પાદન આપે છે.(ક્મશઃ)

# પ્રિસિઝન ફાર્મિંગ : નવા યુગની આધુનિક પધ્ધતિ

કૃષિ દેશની અર્થવ્યવસ્થામાં અંદાજે ૧૭% જેટલું જીડીપીમાં યોગદાન અને અંદાજે ૬૦% વસ્તી ને રોજગાર પ્રદાન કરે છે હાલમાં, દેશની કુલ જમીનનો આસરે ૬૦% ઉપયોગ પાક ઉત્પાદન માટે થાય છે. કૃષિ, જોડે સૌથી ઓછી યાંત્રિકીકરણ હોવા છતાં કૃષિના વિકાસ અને વ્યવસાયિકરણ માટે વેગ મળ્યો છે.વૈશ્વિક કૃષિનો મુખ્ય પડકાર વધતી જતી વસ્તીને ખોરાક પૂરો પાડવાનો છે , જે આજે સાત અબજથી વધીને વર્ષ ૨૦૫૦ની આસપાસ અંદાજે નવ અબજ થવાની આગાહી કરવામાં આવે છે. આજે ભારત વિશ્વભરમાં તેજીથી બઢતી અર્થવ્યવસ્થા થઈ રહી છે. આ અર્થવ્યવસ્થાની ગતિને કૃષિ છેત્રે ટકાવી રાખવામાં પ્રિસિઝન ફાર્મિંગની ખુબજ જરુરીયાત છે. આજે કૃષિ છેત્રે વિકાસ માટે સારું ઉત્પાદન સાથે સમયસર ટકાવી રાખવામાં પ્રિસિઝન ફાર્મિંગનો ખુબજ મહત્ત્વપુર્ણ યોગદાન આપી શકે છે. જેમાં આવનાર સમયમાં બદલાવ વાતાવરણ અને જળવાયું પરિવર્તનમાં ડ્રોન જેવી તકનીકનો ઉપયોગથી કૃષિમાં આગામી હરિયાળી ક્રાંતિને પ્રહોત્સાહન આપવામાં મદદ કરશે. ટેકનોલોજી ખેડૂતોને પાક ઉત્પાદન અને સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ કરી શકે છે. પ્રિસિઝન ફાર્મિંગ પણ નવા યુગની ખેતી માટે એક એવી જ પધ્ધતિ છે. ખેડૂતોના ઉત્પાદન અને આવક વધારવા માટે નવી પ્રકારની ખેતી ખૂબ જ અસરકારક સાબિત થઈ રહી છે. આને પ્રિસિઝન ફાર્મિંગ (Precision farming) કહેવાય છે. આજે અમે તમને આ ખેતી વિશે ઘણી મહત્વપૂર્ણ બાબતો જણાવવા જઈ રહ્યા છીએ. આનાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવામાં પણ મદદ મળી રહી છે. પ્રિસિઝન ફાર્મિંગ શું છે? સૌ પ્રથમ, ચાલો જાણીએ કે પ્રિસિઝન ફાર્મિંગ શું છે. આ પછી જાણીશું કે આ નવા જમાનાની ખેતીમાં શું કરવાનું છે અને પડકારો શું છે. પ્રિસિઝન ફાર્મિંગ એ એક પ્રકારની ખેતી મેનેજમેન્ટ સિસ્ટમ છે, જેમાં ખેતીના દરેક સ્તરે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. બિયારણ, ખાતર અને ખેતીની જમીન વિશે યોગ્ય સમજ અને તે મુજબ જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. આ ખેત પદ્ધતિમાં ટેક્નોલોજીની મદદથી ખેડૂતો ખેતી અંગે યોગ્ય નિર્ણયો લઈ શકે છે, તેમને નસીબના સહારે બેસવું નથી પડતું.

પ્રિસિઝન ફાર્મિંગના મુખ્ય ઉદેશ્ય શું છે

● ઉચ્ચ ગુણવતા અને સારું ઉત્પાદન મેળવું

● જમીનની ફળદ્રુપતા જાળવી રાખવી ● ખેતીમાં ઉપયોગ વિભિન્ન પરિબળોનું સુનિશ્ચિત વ્યવસ્થાપન ● જરૂરિયાત મુજબ રાસાણિક ખાતર, દવાનો ઉપયોગ ● વાવેતર વિસ્તારમાં સંપૂણ માહિતી જીપીએસ સાથે જોડવા માટે દા. ત. જમીન માપણી ● શ્રમ અને સામગ્રી ખર્ચમાં ખટાડો થાય છે પ્રિસિઝન ફાર્મિંગ માં ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજી :

ડો. રિશી કે કાલરીયા
અસ્પી શકીલમ બાયોટેનોલોજી
ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી,
સુરત

● ગ્લોબલ પોઝિશન સિસ્ટમ


● જિઓગ્રાફિકલ ઈન્ફોરમેશન સિસ્ટમ

●રિમોટ સેન્સિંગ

● કૃત્રિમ બુધ્ધિ અને રોબોટિક્સ ડ્રોન

પાકને લગતી દરેક નાની-મોટી માહિતી મળે છે.આવી ટેક્નોલોજીના ઉપયોગથી ખેતીના વધતા ખર્ચ અને કુદરતી આફતોને કારણે થતા નુકસાનને પણ ટાળી શકાય છે. તે પર્યાવરણ પર પ્રતિકૂળ અસરો ઘટાડવામાં પણ મદદ કરે છે. પ્રિસિઝન ફાર્મિંગમાં આધુનિક ટેક્નિકલ સાધનોનો ઉપયોગ થાય છે. આમાં સેન્સરની મદદથી પાક, માટી, નીંદણ, કિટકો કે છોડમાં થતા રોગોની સ્થિતિ જાણી શકાય છે. આ તકનીકોની મદદથી પાકમાં દરેક નાના ફેરફારોને ટ્રેક કરી શકાય છે. જેમાં આવનાર સમયમાં બદલાવ વાતાવરણ અને જળવાયું પરિવર્તનમાં ડ્રોન જેવી તકનીકનો ઉપયોગથી કૃષિમાં આગામી હરિયાળી ક્રાંતિને પ્રહોત્સાહન આપવામાં મદદ કરશે .કૃષિ ડ્રોનનો ઉપયોગ સચોટ ખેતી માટે થાય છે. જે ખેતીની એક આધુનિક પધ્ધતિ છે જે કાર્યક્ષમતા ને શ્રેષ્ઠ બનાવવા માટે વધુ માહિતી અને અન્ય માધ્યમોનો ઉપયોગ કરે છે. ખેડૂતો, ડ્રોન દ્વારા મેળવેલી માહિતીના આધારે નિર્ણયો બનાવી શકાય છે. જેથી પાકનું ઉચ્ચ ગુણવતા અને સારું ઉત્પાદન જાળવવી શકાય છે અને ખેતી ખર્ચ માં પણ ખટાડો કરી શકાય છે. પ્રિસિઝન ફાર્મિંગના ફાયદા શું છે?કૃષિ ઉત્પાદકતા વધારવામાં મદદ કરે છે. જમીનનું સ્વાસ્થ્ય બગડતું નથી. પાકને વધુ પડતા રસાયણોની જરૂર પડતી નથી. પાણી જેવા સંસાધનોનો યોગ્ય અને પર્યાપ્ત ઉપયોગ થાય છે. તેનાથી પાકની ગુણવત્તા, ઉત્પાદકતા વધારવામાં મદદ મળી છે. ખેતીમાં ખર્ચ ઓછો થાય છે. આ પ્રકારની ખેતી ખેડૂતોની સામાજિક-આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ કરે છે. પડકાર શું છે? પ્રિસિઝન ફાર્મિંગ પર કરવામાં આવેલા ઘણા સંશોધનો દર્શાવે છે કે આ માટે સૌથી મોટો પડકાર યોગ્ય શિક્ષણ અને નાણાકીય સ્થિતિ છે. ભારતમાં આ ખેતી અંગે સ્થાનિક નિષ્ણાતો, ભંડોળ, આ પધ્ધતિ વિશે સંપૂર્ણ માહિતી વગેરેનો અભાવ છે. આ માટે પ્રિસિઝન ફાર્મિંગનો પ્રારંભિક ખર્ચ પણ ઘણો વધારે છે. આધુનિક યુગમાં, પ્રિસિઝન ફાર્મિંગના માધ્યમથી ડ્રોન કૃષિ છેત્રે ખેડૂતોને પાકમાં ઉચ્ચ ગુણવતા અને ઉત્પાદનની ક્ષમતા વધારવામાં મદદ કરી શકે છે અને ઉત્પાદન ખર્ચ અને મુશ્કેલીઓનો ઘટાડે છે.

# રાધનપુર નજીક ગમખ્વાર અકસ્માતમાં ત્રણનાં મોત, ચાર ગંભીર ઈજાગ્રસ્ત



પાટણ,તા.૦૬

પાટણ જિલ્લાના રાધનપુર નજીક નેશનલ હાઈવે પર એક અત્યંત કરુણ માર્ગ અકસ્માત સર્જાયો છે. રોડ કિનારે ઊભેલી ટ્રક પાછળ પૂરપાટ ઝડપે આવી રહેલી ઈકો કાર ધડાકાભેર ઘૂસી જતાં ઈકોમાં સવાર ૩ શ્રધ્ધાળુઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ, કારમાં સવાર તમામ લોકો રાજસ્થાન સ્થિત પ્રખ્યાત યાત્રાધામ ખાટુશ્યામજીના દર્શન કરીને પોતાના વતન પરત ફરી રહ્યા હતા. મૃતકો અને ઈજાગ્રસ્તો કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના એક જ ગામના વતની હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને ૧૦૮ ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ગંભીર રીતે ઘવાયેલા ચાર શ્રધ્ધાળુઓને વધુ સારવાર માટે પાટણની ધારપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક જણાવાઈ રહી છે. એક જ ગામના ત્રણ લોકોના અકાળે અવસાનથી અંજાર પંથકમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. રાધનપુર પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જમીન મહેસૂલ વિભાગમાં ભ્રષ્ટાચાર કરનાર બે ઉચ્ચ અધિકારીઓ સસ્પેન્ડ



ગાંધીનગર,તા.૦૬

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભ્રષ્ટાચાર અને અનિયમિતતાઓ સામે લાલ આંખ કરી મહેસાણાના સુપ્રિટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકોર્ડ્ઝ (વર્ગ-૧) બી.કે. શાહ અને ભાવનગરના જમીન દફતર નિરીક્ષક કે.એ. પંડ્યાને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે.

જમીન સર્વે અને દફ્તર કામગીરી સંદર્ભે વ્યાપક ફરિયાદો મળ્યા બાદ મુખ્યમંત્રીએ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ સાથે ઉચ્ચ સ્તરીય પરામર્શ હાથ ધર્યુ હતુ. ત્યાર બાદ ગાંધીનગરથી ખાસ તપાસ ટીમોને મહેસાણા અને ભાવનગર મોકલવામાં આવી હતી. તપાસ ટીમ દ્વારા હાથ ધરાયેલી ચકાસણી દરમિયાન બંને અધિકારીઓ સામે ગંભીર ગેરરીતિઓ સાબિત થઈ હતી.

અહેવાલના આધારે રાજ્ય સરકારે વહીવટી શિસ્ત જાળવવા તાત્કાલિક ધોરણે બંને અધિકારીઓ સામે સસ્પેન્શનના હુકમો જારી કર્યા છે. મુખ્યમંત્રીની આ કડક કાર્યવાહીથી ભ્રષ્ટ અધિકારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# ઉનામાં પાણી પુરવઠાના સરકારી કર્મચારીએ પત્ની-દીકરીને રસ્તે રઝળાવ્યા

ઉના,તા. ૦૬

કલોલમાં રહેતી ૫ર વર્ષીય મહિલાએ પોતાના સરકારી કર્મચારી પતિ અને સાસરિયાં સામે શારીરિક-માનસિક ત્રાસની સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પીડિતાના પતિ ઉના ખાતે પુરવઠા વિભાગમાં નોકરી કરે છે.ભારે વરસાદમાં ઘરમાં પાણી ભરાઈ જતાં મહિલા બે દીકરીઓ સાથે બહાર નીકળી ગઈ હતી. ઉનાથી આવેલા પતિ પાસે મહિલાએ કાયમી રહેવાની વ્યવસ્થા માંગતાં, પતિએ 'મારી પાસે પૈસા નથી, થાય તે કરી લો' તેમ કહી પત્ની અને દીકરીને ઓગણજ રોડ પર એકલા મૂકીને ચાલ્યો ગયો હતો. પતિના આ તિરસ્કારપૂર્ણ વર્તનથી કંટાળીને મહિલાએ પોતાના હાથ પર બ્લેડ વડે ચેકા મારી નસ કાપવાનો પ્રયાસ કર્યો હતો. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

# દીવમાં બસ સ્ટેન્ડ પાસે કચરાના ઢગલામાં આગ લાગતા અફરાતફરીનો માહોલ

દીવ,તા.૦૬



તસવીર : કૈલાસ ભટ્ટ

દીવના બસ સ્ટેન્ડ સર્કલ પાસે શનિવારે સવારે જમીનની નીચેથી અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી હતી. આગ જમીનની નીચેથી પસાર થતી ગેસ લાઈન સુધી પહોંચતા મામલો ગંભીર બન્યો હતો. જોકે, ઝડપી કાર્યવાહીથી મોટી દુર્ઘટના ટળી હતી. પ્રાથમિક માહિતી મુજબ, જૂના બસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં કોઈ વ્યક્તિએ કચરાનો ઢગલો સળગાવ્યો હતો. આ આગ જમીનની અંદર પહોંચી અને ત્યાંથી પસાર થતી વીજ લાઈન તેમજ ગેસ પાઈપલાઈન સુધી ફેલાઈ હોવાનું સામે આવ્યું છે. બસ સ્ટેન્ડ સર્કલ નજીક જમીનની નીચેથી આઈઆરએમ એનર્જીની ગેસ પાઈપલાઈન પસાર થાય છે. આ લાઈન દ્વારા આસપાસની હોટલો અને રહેણાંક મકાનોમાં ગેસ કનેક્શન અપાયા છે. ગેસ લાઈનમાં આગ લાગ્યાની જાણ થતાં સ્થાનિક તંત્રએ તરત જ ગેસ સપ્લાય બંધ કર્યો હતો. ઘટનાની જાણ થતાં દીવ ફાયરબ્રિગેડની બે ગાડીઓ તરત ઘટનાસ્થળે પહોંચીને કંપનીના ટેક્નિશિયનો સાથે મળીને આગ પર કાબૂ મેળવ્યો.

# રાજુલા પોલીસ સ્ટેશનની ઉત્કૃષ્ટ કામગીરી બદલ પી.આઈનુ સન્માન

રાજુલા,તા.૦૬



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા પોલીસ સ્ટેશનના કર્મચારી વિજય કોલાદરાને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક તરફથી પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવ્યું છે. ઓગસ્ટ-૨૦૨૫ દરમિયાન ૪ ગુનાઓનો ભેદ ઉકેલવો, ટ્રાફિક દંડ પેટે રૂ.૩૬,૪૦૦ની વસૂલાત, ૪૫ અટકાયતી પગલાં અને સાયબર ક્રાઈમના આરોપીઓને યુપી-બિહારથી ઝડપી પાડવા જેવી મહત્વપૂર્ણ કામગીરી તેમણે કરી હતી. સાયબર જાગૃતિ, **POCSO** અને **NDPS** ના નાસતા ફરતા આરોપીઓને પકડવા સહિતની લોકઉપયોગી સેવાઓ બદલ જિલ્લા પોલીસ વડાએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# ઉના તાલુકાના ભડિયાદરમાં જૂની માથાકૂટમાં યુવક પર જીવલેણ હુમલો

ઉના,તા.૦૬




ઉના તાલુકાના ભડિયાદર ગામમાં બાપા સીતારામ ચોકમાં આવેલા રાજુભાઈ વાળાના મહેક પાન સેન્ટર ખાતે અભેસિંગ સતુભાઈ ગોહિલ બેઠા હતા ત્યારે કેટલાક શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા અને તેમના પર છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં અભેસિંગના હાથના કાંડા પાસે ગંભીર ઈજા પહોંચી હતી. પ્રાથમિક તબીબી તપાસ દરમિયાન કાંડાની નસ કપાઈ હોવાનું સામે આવ્યું હતું. જેથી તેમને તાત્કાલિક સારવાર માટે ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવારની જરૂરિયાત જણાતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી અને ત્યારબાદ વધુ સારવાર માટે તેમને જૂનાગઢ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ હુમલામાં સામેલ કેટલાક શખ્સોના હાથમાં છરી હતી. હુમલા દરમિયાન એક આરોપીના હાથમાંથી છરી છૂટી જતાં તે ઘટનાસ્થળે પડી ગઈ હતી. પોલીસે આ છરી કબજે કરી છે. સાથે **CCTV** ફૂટેજના આધારે હુમલાખોરોની ઓળખ અને તેમની ભૂમિકા અંગે તપાસ કરવામાં આવી રહી છે.

# ઉના તાલુકાના કંસારી ગામ નજીક અકસ્માતમાં બે યુવાનના ઘટનાસ્થળે મોત

ઉના,તા.૦૬





ઉના તાલુકાના કંસારી ગામ નજીક ભૂતડાદાદાના મંદિર પાસે શનિવારે બપોરે વેગનઆર કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે કાર અને બાઈક રોડની સાઈડના પાંચથી વધુ ફૂટ ઊંડા અકસ્મતમાં ભડિયાદર ગામના ૧૮ વર્ષીય કુલદીપ ભાણજીભાઈ સોલંકી અને ૧૮ વર્ષીય જીગર બટુકભાઈ સોલંકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંને યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આ બંને યુવાનો ભડિયાદરથી ઉના તરફ બાઈકમાં પેટ્રોલ ભરવા આવી રહ્યાં હતા. અકસ્માતની જાણ થતાં આસપાસના ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતના પગલે રોડ પર ટ્રાફિક જામ પણ સર્જાયો હતા. જીગરનો મૃતદેહ રોડ પર હોવાથી પરિવારજનો ઘટનાસ્થળે પહોંચતાં સમગ્ર વાતાવરણ ગમગીન બન્યું હતું. અકસ્માત બાદ કારમાં સવાર લોકો કારને સ્થળ પર જ મૂકીને નીકળી ગયા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

# ઉના શહેરમાં રખડતા શ્વાનોએ ૩ કલાકમાં ૨૭ લોકોને બચકાં ભર્યા

ઉના,તા.૦૬



ઉના શહેર અને તાલુકામાં રખડતાં શ્વાનનો આતંક સતત વધી રહ્યો છે. શહેરમાં શ્વાનોના ટોળાં રાહદારીઓ તથા વાહનચાલકો પાછળ દોડીને હુમલા કરી રહ્યાં છે, જેનાથી લોકોમાં ભારે ફફડાટ વ્યાપ્યો છે. ઉનાની સરકારી હોસ્પિટલમાં માત્ર ત્રણ કલાકના સમયગાળામાં શ્વાન કરડવાના આશરે ૨૭ કેસ નોંધાયા છે. જ્યારે છેલ્લા એક મહિનામાં આ સરકારી હોસ્પિટલમાં શ્વાન કરડવાના ૩૦૦થી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે. શહેરની શેરીઓ, બજારો અને રહેણાંક વિસ્તારોમાં રખડતાં શ્વાનોને કારણે ખાસ કરીને શાળાએ જતાં બાળકો અને વૃધ્ધો માટે ગંભીર જોખમ ઊભું થયું છે. ઈજાગ્રસ્તોને સારવાર અને હડકવા વિરોધી રસી લેવી પડે છે, જેનાથી પરિવારો પર માનસિક અને આર્થિક બોજ વધે છે. સ્થાનિક રહીશ સહિતના નાગરિકોએ માગ કરી છે કે તંત્ર દ્વારા આક્રમક શ્વાનો સામે નિયમ મુજબ કાર્યવાહી કરી તાત્કાલિક ખસીકરણની ઝુંબેશ હાથ ધરવામાં આવે.

## ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે

# અમરેલીના લાલાવદર ખાતે રૂ. ૧૨ કરોડના ૬૬ કે.વી. સબસ્ટેશનનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૬



અમરેલી તાલુકાના લાલાવદર ખાતે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે રૂ. ૧૨ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામનાર ૬૬ કે.વી. સબસ્ટેશન તથા રૂ. ૮૦ લાખના ખર્ચે 'સુવિધા પથ'નું ભૂમિપૂજન કરાયું હતું.

આ તકે મંત્રીએ જણાવ્યું હતું કે, આ નવું સબસ્ટેશન કાર્યરત થતાં લાલાવદર, સલડી, ગોઢાવદર, દુધાળા (બાઈ) અને કેરિયા-નાગસ સહિત ૬ ગામોના આશરે ૨,૫૦૦ ગ્રાહકોને ગુણવત્તાસભર તથા સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળશે અને લો-વોલ્ટેજની સમસ્યા ઉકેલાશે. આ પ્રોજેક્ટથી હયાત સબસ્ટેશનો પરનો વીજભાર પણ ઘટશે.લાલાવદરના સર્વાંગી વિકાસનો ઉલ્લેખ કરતાં મંત્રીએ ઉમેર્યું હતું કે, અહી રાજ્યકક્ષાનું અત્યાધુનિક રમત-ગમત સંકુલ તૈયાર કરાયું છે તથા ખેલાડીઓ માટે રૂ. ૨૫ કરોડના ખર્ચે ૨૦૦ની ક્ષમતાવાળી હોસ્ટેલ મંજૂર કરાઈ છે. શાળા, પંચાયત ભવન અને માર્ગો સહિત છેલ્લાં સાડા ત્રણ વર્ષમાં લાલાવદરને રૂ. ૧૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ મળી છે. કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો અને જેટકોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી, અગ્રણીઓ મનસુખભાઈ ગાંગડિયા, ચેતનભાઈ ઘાનાણી, નિકુલભાઈ માંડણકા, મધુભાઈ હરખાણી, કાળુભાઈ વાળા, નાથાલાલ સુખડિયા, જેટકો તથા પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓ અને લાલાવદરના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વડિયાના રામપુરમાં ૧૦૮ની ટીમે ખેતરમાં કરાવેલી સફળ પ્રસૂતિ: માતા અને નવજાત સુરક્ષિત

અમરેલી,તા.૦૬



તસવીર : કિરીટ જોટવા

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના રામપુર ગામે મજૂરીકામ અર્થે આવેલા પરિવારની ગર્ભવતી મહિલાને અસહ્ય પીડા ઉપડતા પરિવારજનોએ ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કર્યો હતો. ૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના વહેલી સવારે કેસ મળતા જ વડિયા ૧૦૮ ના પાયલોટ દેવદત્તભાઈ પરમાર અને ઈએમટી હર્ષદભાઈ સરવૈયા તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા.

મહિલા ખેતરમાં હોવાથી અને તેની સ્થિતિ અત્યંત ગંભીર તથા હાઈ રિસ્ક ધરાવતી હોવાથી એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવી શક્ય ન હતી. છઠ્ઠી પ્રસૂતિ હોવાના કારણે સ્થળ પર જ પ્રસુતિ કરાવવી અનિવાર્ય હતી. જેથી ઈએમટી હર્ષદભાઈએ ઉપરી અધિકારી ડૉ. મયુર સાથે સંપર્ક કરી તેમની સલાહ મુજબ ખેતરમાં જ પ્રક્રિયા શરૂ કરી હતી.

પ્રસૂતિ સમયે બાળક ગળામાં નાળ વીંટળાયેલી સ્થિતિમાં હતું, પરંતુ ઈએમટીએ સુઝબુઝ દાખવી નાળ દૂર કરી સફળતાપૂર્વક બાળકનો જન્મ કરાવ્યો હતો. તબીબી સારવાર બાદ માતા અને બાળક બંને સુરક્ષિત હોવાથી પરિવારે ૧૦૮ ની ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# ભાવનગર-સોમનાથ હાઈવે પર રાજુલા નજીક કાર પલટી: ૪ લોકો ઈજાગ્રસ્ત, એકની હાલત ગંભીર

રાજુલા,તા.૦૬



ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર રાજુલા નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. સોમનાથ તરફથી ભાવનગર જઈ રહેલી એક ફોર-વ્હીલ કાર અચાનક ચાલકે કાબૂ ગુમાવતાં રસ્તા પર પલટી મારી ગઈ હતી, જેના પગલે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આ દુર્ઘટનામાં કારમાં સવાર ભાવનગરના રહેવાસી ભરતભાઈ ભોળાભાઈ (ઉં.વ. ૩૦), મેહુલભાઈ ગોવિંદભાઈ (ઉં.વ. ૨૯), દીપકભાઈ દામજીભાઈ પરમાર (ઉં.વ.૩૬) અને ઘનશ્યામભાઈ જીવનભાઈ ગોહિલ (ઉં.વ. ૪૨)ને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર અર્થે રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જેમાંથી એકની હાલત નાજુક હોવાથી વધુ સારવાર અર્થે ભાવનગર રીફર કરવામાં આવ્યા છે. અકસ્માતને કારણે હાઈવે પર ક્ષણિક ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને પોલીસે પૂર્વવત કરાવ્યો હતો.

# કુકાવાવ તાલુકાના નાની કુંકાવાવ ગામે સિંહણનો ખેતમજૂર પર હુમલો

અમરેલી, તા.૦૬



અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના નાની કુંકાવાવ ગામે સિંહણના હુમલાની ઘટના સામે આવી છે. લાખાપાદર રોડ પર આવેલી ગોકળભાઈ સિંગાળાની વાડીમાં સોયાબીનના પાકમાં નિંદામણ કરી રહેલા સનિયાભાઈ નામના ખેતમજૂર પર બાજુના કપાસના ખેતરમાંથી અચાનક આવેલી સિંહણે પાછળથી હુમલો કર્યો હતો.સિંહણે મજૂરને જમીન પર પાડી દેતાં તેમણે બૂમાબૂમ કરી હતી. વાડી માલિક ગોકળભાઈ અને આસપાસના લોકોએ હાંકલા-પડકાર કરતાં સિંહણ તથા નજીકમાં રહેલો સિંહ ભાગી છૂટ્યા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા સનિયાભાઈને તાત્કાલિક સારવાર અર્થે અમરેલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે. અમરેલી પંથકમાં અવારનવાર વન્યપ્રાણીઓના હુમલા વધતાં ખેડૂતો અને મજૂરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોએ વન વિભાગ પાસે હુમલો કરનાર સિંહણને વહેલી તકે પાંજરે પૂરવા અને આ વિસ્તારોમાં નિયમિત પેટ્રોલીંગ હાથ ધરવાની ઉગ્ર માગ કરી છે.

**પોલીસમાં ત્રણ વખત જાણ કરવા છતાં કોઈ ન પહોંચતાં શહેરીજનોમાં ભારે આક્રોશ**

# અમરેલી શહેરમાં અસામાજિક તત્વોનો ત્રાસ: દારૂડિયાએ છરી સાથે ધમાલ મચાવતાં દોડધામ

અમરેલી,તા.૦૬

અમરેલી શહેરમાં ખુલ્લેઆમ દારૂ પીને રખડતા અસામાજિક તત્વોના કારણે શહેરીજનો ત્રાહિમામ પુકારી ઊઠ્યા છે.

શહેરના સરદાર ચોક અને બાપા સીતારામ સર્કલ પાસે ઘણા સમયથી જાહેરમાં દેશી દારૂ તેમજ ડ્રગ્સનું વેચાણ થતું હોવાની લોકચર્ચા જાગી છે.ગઈકાલે સવારે એક દારૂડિયાએ હાથમાં છરી સાથે જાહેરમાં ધમાલ મચાવતાં નાસભાગ મચી ગઈ હતી. આ અંગે જાગૃત નાગરિકોએ ત્રણ વખત પોલીસ કંટ્રોલ રૂમ અને ૧૧૨ નંબર પર જાણ કરી હોવા છતાં, એક પણ પોલીસ કર્મચારી સ્થળ પર પહોંચ્યો નહોતો. પોલીસની આ નિષ્ક્રિય કામગીરી સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ચક્કરગઢ રોડ પર અસામાજિક તત્વો ઘાતક હથિયારો સાથે વેપારીઓની દુકાનો બંધ કરાવતા અને રાહદારીઓને હેરાન કરતા હોવાના કિસ્સા બન્યા છે, ત્યારે

**અગાઉ પણ આ વિસ્તારમાં જાહેરમાં હથિયાર લઈ દુકાનો બંધ કરાવવાના કિસ્સા બની ચૂક્યા છે**

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરે તે માટે પોલીસે આવા તત્વો સામે કડક કાર્યવાહી કરી કાયદાનું ભાન કરાવે તેવી શહેરીજનોએ માગ કરી છે.

# અમરેલીથી વડોદરા-સુરત માટે AC વોલ્વો બસ શરૂ કરવાની માંગ

**બસ શરુ થાય તો અમરેલીવાસીઓને આવન-જાવનમાં મોટી રાહત મળશે**

અમરેલી,તા.૦૬

અમરેલીથી સુરત જવા માટે સરકારી AC બસની સુવિધા ઉપલબ્ધ નથી. જેના કારણે વેપારીઓ અને ઉદ્યોગપતિઓને ટ્રેન અથવા ફ્લાઈટ પર નિર્ભર રહેવું પડે છે. ખાનગી બસો પણ વડોદરા બાયપાસ થઈને પસાર થતી હોવાથી વડોદરા શહેરમાં વસતા અમરેલી જિલ્લાના લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડે છે. જેથી GSRTC દ્વારા અમરેલીથી વડોદરા શહેરની અંદર થઈ સુરત સુધી પ્રીમિયમ AC વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આ બસ સેવા શરૂ થાય તો વેપારીઓ, ઉદ્યોગપતિઓ તેમજ વડોદરા અને સુરતમાં વસતા અમરેલીવાસીઓને મોટી રાહત મળશે.

# લાઠી તાલુકાના ધામેલ ગામ નજીક અકસ્માતમાં યુવકનું કરૂણ મોત

લાઠી, તા.૦૬

લાઠી તાલુકાના ધામેલ ગામ નજીક એક અત્યંત દુઃખદ માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. ભુરખિયા ગામે રહેતા વિશાલભાઈ જોરૂભાઈ ગોહિલે પોલીસમાં નોંધાવેલી માહિતી અનુસાર, તેમનો કાકાનો દીકરો ક્રિશ રણજીતભાઈ ગોહિલ પોતાના મિત્રો મોહસીન હુનાણી અને સુજલ હાંચડ સાથે બાઈક પર દામનગર થી ગારિયાધાર ખાતે ભરાયેલા મેળામાં ફરવા માટે ગયા હતા.મેળામાંથી મોડી સાંજે પરત આવતી વખતે ધામેલ ગામ પહેલા આવેલી એક ગોળાઈ પાસે સામેથી પુરપાટ ઝડપે આવી રહેલા એક બુલેટ ચાલકે તેમના મોટરસાયકલને સખત ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં બાઈકની પાછળ બેસેલા મોહસીન અને સુજલને શરીરે નાની-મોટી ઈજાઓ થઈ હતી.પરંતુ બાઈક ચલાવી રહેલા ક્રિશને માથાના ભાગે ખૂબ જ ગંભીર ઈજાઓ થવાથી મગજમાં હેમરેજ થઈ ગયું હતું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ બનાવથી પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટ આ અકસ્માત અંગે આગળની કાયદેસરની તપાસ ચલાવી રહ્યા છે.

**ગારિયાધારના મેળામાંથી મિત્રો પરત આવતા હતા ત્યારે સર્જાયો અકસ્માત**

# ગુજરાતના સનદી અધિકારીઓની મોડીરાત્રે અચાનક બદલી કરાઈ

ગાંધીનગર, તા.૦૬

ગુજરાતના સનદી અધિકારીઓની મોડીરાત્રે અચાનક બદલી કરવામાં આવી છે. રાજકુમાર બેનીવાલને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે હર્ષિત મીણાને મહેસાણાના ડીડીઓ તરીકે જવાબદારી સોંપાઈ છે. સુરતના નાસિરનગરમાં ડિમોલિશનના મામલે વિવાદ સર્જાયા બાદ કમિશનર નાગરાજન ચર્ચામાં આવ્યા હતા. ત્યારબાદ તેજસ પરમારને ઈન્ચાર્જ કમિશનરનો ચાર્જ સોંપાયો હતો. મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમારને નર્મદા વેલી ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલના એમડીનો વધારાનો હવાલો સોંપાયો છે. રાજેશ માંજુને સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને ઈન્સ્પેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન તરીકે નિયુક્ત કરાયા છે. રચિત રાજની ટ્રાયબલ ડેવલપમેન્ટના ડાયરેક્ટર તરીકે બદલી કરાઈ છે.

# પડધરી તાલુકાના દહીસરડા ગામે ચેકડેમમાં ડૂબવાથી ચાર માસૂમ બાળકોનાં કરુણ મોત

રાજકોટ, તા.૦૬



રાજકોટના પડધરી તાલુકાના દહીસરડા ગામે પાટ હનુમાન મંદિર પાછળ આવેલા ચેકડેમમાં ડૂબી જવાથી ચાર માસૂમ બાળકોનાં કરુણ મોત નીપજ્યાં છે. બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ત્રણ સ્થાનિક બાળકો અને તેમનો એક ભાણેજ નદીના પટમાં નાહવા ગયા હતા. દરમિયાન ઊંડા પાણીમાં ગરકાવ થતાં ચારેય ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ મૃતદેહો બહાર કાઢ્યા હતા. મૃતકોમાં ધ્યેય ધમાસણા (ઉં.વ. ૧૪), વંશીત ખંભાયતા (ઉં.વ. ૧૫), વાસુ સવસાણી (ઉં.વ. ૧૨) અને દીપ રાજપરાનો સમાવેશ થાય છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે પડધરીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચારેય બાળકોની એકસાથે અંતિમયાત્રા નીકળતાં દહીસરડા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. પરિવારોના આક્રંદથી સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું હતું.

# ભાવનગર એસટી બસ સ્ટેન્ડ પાસે યુવકે સાથે રહેતી યુવતીની કરી હત્યા

ભાવનગર, તા. ૦૬



ભાવનગરના એસટી બસ સ્ટેન્ડના મુખ્ય પ્રવેશદ્વાર પાસે ભરબપોરે યુવતીની હત્યાની ઘટનાથી ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, ફૈઝલ ઉર્ફે ખાટકી રફીકભાઈ લાખાણી અને કાજલબેન છેલ્લા કેટલાક સમયથી સાથે રહેતા હતા. ગુરુવારે બપોરે બંને વચ્ચે કોઈ બાબતે તકરાર થઈ હતી. દરમિયાન ફૈઝલે કાજલબેનને અન્ય યુવક સાથે સંબંધ હોવાની શંકા વ્યક્ત કરી તેના પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. ફરિયાદ મુજબ, આરોપીએ યુવતીને લાતો મારી તેમજ વાળ પકડી જમીન પર પટકી હતી. માથામાં ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. નિલમબાગ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.




# અમદાવાદ એરપોર્ટ પરથી રૂ. ૫.૫ કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો

અમદાવાદ, તા. ૦૬






અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે મોટી કાર્યવાહી કરી હતી. ૫ સપ્ટેમ્બરે વિયેતનામથી આવેલી વિયેટજેટની ફ્લાઈટમાં હો ચી મિન્હ સિટીથી આવેલા મુંબઈના મુસાફરના હેન્ડ બેગેજમાંથી ૫,૫૧૯.૭ ગ્રામ શંકાસ્પદ હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. બજાર કિંમત આશરે રૂ. ૫.૫ કરોડ હોવાનું જાણવા મળ્યું છે. એક્સ-રે તપાસ દરમિયાન શંકાસ્પદ સામગ્રી મળી આવતા તપાસ કરાઈ હતી. ૨૪ પેકેટમાં રહેલો ગાંજો ત્રણ કૂકીઝના બોક્સ અને કોર્ન ફ્લેક્સના પેકેટમાં છુપાવવામાં આવ્યો હતો. એનડીપીએસ કાયદા હેઠળ ગાંજો જપ્ત કરી મુસાફરની ધરપકડ કરાઈ છે.

# જન્માષ્ટમીના મેળામાં રાઈડ બની કાળ! વઢવાણમાં ૧૨ વર્ષની કિશોરીનું મોત

સુરેન્દ્રનગર, તા. ૦૬



વઢવાણમાં યોજાયેલા જન્માષ્ટમીના લોકમેળામાં મોડી રાત્રે ચકડોળમાંથી ઉતરતી વેળાએ રાઈડ શરૂ થઈ જતાં ૧૨ વર્ષની કિશોરી નીચે પટકાઈ હતી. ગંભીર ઈજાઓને પગલે નિહારિકા પરમારનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. સમગ્ર મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. રાઈડ ઓપરેટરે સુરક્ષાના નિયમોનું પાલન કર્યું હતું કે નહીં તે સહિતના મુદ્દે તપાસ હાથ ધરાઈ છે. બીજી તરફ ગોંડલના આઈકોનિક મેળામાં બ્રેક ડાન્સ રાઈડમાં ટેકનિકલ ખામી સર્જાતાં અફરાતફરી મચી હતી. જોકે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.







